TUESDAY
૦૯-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, પોષ વદ ૧૩
અંક : ૧૦૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....








● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪


### આવનાર લેબર કોડમાં ઉમેરવામાં આવી શકે છે ત્રણ શિફ્ટનો નિયમ

# શ્રમિકો માટે ચાર દિવસનું સપ્તાહ કરવા સરકારની વિચારણા

નવી દિલ્હી,તા.૯

કેન્દ્ર સરકાર નોકરિયાત વર્ગને ટૂંક સમયમાં જ ખુશખબરી આપી શકે છે. સરકાર કંપનીઓને ફ્લેક્સિબિલિટી સાથે સપ્તાહમાં ૪ દિવસ કામ અને ૩ દિવસ રજાની યોજનાને મંજૂરી આપે એવી શક્યતા છે. જોકે એ માટે કર્મચારીઓએ લાંબી શિફ્ટમાં કામ કરવું પડશે.

લેબર સેક્રેટરી અપૂર્વા ચંદ્રાના જણાવ્યા પ્રમાણે, સપ્તાહમાં ૪૮ કલાક કામ કરવાનો નિયમ ચાલુ જ રહેશે, પરંતુ કંપનીઓને ત્રણ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. ચંદ્રાના જણાવ્યા પ્રમાણે, ૧૨ કલાકની શિફ્ટવાળા સપ્તાહમાં ૪ દિવસ કામ કરવાની અને ૩ દિવસ રજા રાખવાની મંજૂરી મળી શકે છે. એ જ રીતે ૧૦ કલાકની શિફ્ટના લોકોને ૫ દિવસ અને ૮ કલાકની શિફ્ટવાળા લોકોને સપ્તાહમાં ૬ દિવસ કામ કરવું પડશે.

> ૧૦ કલાકની શિફ્ટના લોકોને ૫ દિવસ અને ૮ કલાકની શિફ્ટવાળા લોકોને સપ્તાહમાં ૬ દિવસ કામ કરવાનું રહેશે







ચંદ્રાનું કહેવું છે કે ત્રણ શિફ્ટ વિશે કર્મચારીઓ અથવા કંપનીઓ પર કોઈ દબાણ નાખવામાં આવશે નહીં. તેમાં ફ્લેક્સિબિલિટી રાખવામાં આવશે. બદલાતા વર્ક-કલ્ચર સાથે તાલમેલ જાળવી રાખવા માટે આ યોજના બનાવવામાં આવી રહી છે. તે લેબર કોડનો હિસ્સો બનશે. એકવાર નિયમ લાગુ થઈ જશે તો કંપનીઓને ૪ અથવા ૫ દિવસના વર્કિંગ વીક માટે સરકારની મંજૂરી લેવાની રહેશે નહીં.

ચંદ્રાનું કહેવું છે કે કંપનીઓએ નવું વર્ક સપ્તાહ શરૂ કરતાં પહેલાં કર્મચારીઓને રજા આપવી પડશે. જો કંપનીઓ ૪ દિવસનું કામનું સપ્તાહ નક્કી કરશે તો કર્મચારીઓને ૩ દિવસની રજા આપવી પડશે. જો ૫ દિવસ કામનું સપ્તાહ પસંદ કરશે તો ૨ દિવસ રજા આપવી પડશે. આ સ્કીમ પર એક્સપર્ટનું કહેવું છે કે નવો લેબર કોડ લાગુ થયા પછી કંપનીઓ પાસે ૮થી ૧૨ કલાક વર્ક ડે પસંદ કરવાની આઝાદી રહેશે. કંપનીઓની માગ, ઈન્ડસ્ટ્રી અને લોકેશન પ્રમાણે વર્ક ડે પસંદ કરી શકે છે.

ઘણા કર્મચારીઓનું માનવું છે કે વીક ઓફફ વધારે મળવા જોઈએ. એનાથી કર્મચારીઓનો કામનો તણાવ ઓછો કરવામાં મદદ મળે છે. આ નિયમથી કંપનીઓને પણ ફાયદો થશે અને તેમની ઓફિસનો ખર્ચ પણ ઘટી શકે છે. એ સાથે જ સ્ટાફ વધારે સક્રિય અને પ્રોડક્ટિવ રહેશે.

નિષ્ણાતોનું માનવું છે કે વર્ક ડે સાથે જોડાયેલા નિયમોથીં અને શેયર્ડ સર્વિસ જેનાં સેક્ટર્સને વધારે ફાયદો મળશે. બેન્કિંગ અને ફાઈનાન્સ સર્વિસ ઈન્ડસ્ટ્રીઝના ૨૦ ટકાથી ૩૦ ટકા કર્મચારી સપ્તાહમાં ૪ અથવા ૫ દિવસ કામની શિફ્ટ પસંદ કરીને વીકએન્ડમાં લાંબી રજાઓ લઈ શકે છે. હ્યુમન રિસોર્સ અને ફાઈનાન્સિયલ વર્ટિકલ જેવી પ્રોફાઈલમાં કામ કરનાર આ પ્રેક્ટિસને સરળતાથી અને ઝડપથી અડોપ્ટ કરી શકે છે.

> લેબર કોડ લાગુ થયા પછી કંપનીઓ પાસે ૮થી ૧૨ કલાક વર્ક ડે પસંદ કરવાની આઝાદી

જોકે અમુક નિષ્ણાતોનું માનવું છે કે એક દિવસમાં ૧૨ કલાક કામથી ૨૪ કલાક ચાલતી કંપનીઓમાં ૧ દિવસમાં માત્ર ૨ શિફ્ટ ચાલી શકે છે. એને કારણે રોજગારીની તક ઘટી શકે છે. એ સિવાય લાંબી શિફ્ટથી કર્મચારીઓનાં કામ અને લાઈફ બેલેન્સ પર અસર થઈ શકે છે.

---

### દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીના ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં પોતાના કેટલાક સમર્થકો સાથે ઘુસી આતંક મચાવ્યો હતો

# લાલ કિલ્લા કાંડનો આરોપી દિપ સિધ્ધુનાં ૭ દિ'નાં રિમાન્ડ મંજૂર

**લાલ કિલ્લા ખાતે રાષ્ટ્રધ્વજનું અપમાન કરી ૧૫ દિવસથી ફરાર હતો : હરિયાણાથી ઝડપાયો**

ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૯

પ્રજાસત્તાક દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં પોતાનાં કેટલાક સમર્થકો સાથે ઘુસી જઈ લાલ કિલ્લામાં પોલીસ સાથે અથડામણ સર્જાવી લાલ કિલ્લા ખાતે દેશનું અપમાન કરતી ઘટનાને અંજામ આપ્યા બાદ છેલ્લા ૧૫ દિવસથી ભૂગર્ભમાં રહેલા આરોપી દિપ સિધ્ધુને ઝડપી પાડવા દિલ્હી પોલીસ દ્વારા રૂા. એક લાખનું ઈનામ જાહેર કરાયા બાદ ગઈકાલે દિપ સિધ્ધુને દિલ્હી પોલીસની એક ટીમે અંબાલા ખાતેથી ઝડપી પાડ્યા બાદ આજે મેજીસ્ટ્રેટ સમક્ષ અદાલતમાં રજૂ કરી ૧૦ દિવસનાં રિમાન્ડની માંગણી કરેલ ત્યારે અદાલતે દિપ સિધ્ધુને સાત દિવસનાં રિમાન્ડ માટે પોલીસ કસ્ટડીમાં રાખવા આદેશ આપેલ છે.



૨૬મી જાન્યુઆરીએ દેશના ગણતંત્ર દિવસ પર રાજધાની દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ઐતિહાસિક એવા લાલ કિલ્લા પર તિરંગાના બદલે એક ધાર્મિક ધ્વજ ફરકાવવાની ઘટનાના મુખ્ય આરોપી દીપ સિદ્ધૂની ધરપકડ કરવામાં આવી છે. દીપ સિદ્ધુ પર પોલીસે ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યુ હતું.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દીપ સિદ્ધુની ધરપકડ કરી હતી. દીપ સિદ્ધુ લાલ કિલ્લાની ઘટના બાદથી જ ફરાર હતો. જોકે આ દરમિયાન પણ તે નિયમિત પણે સોશિયલ મીડિયા પર સક્રિય રહેતો હતો. સિદ્ધુના આ વીડિયો અમેરિકામાંથી એક મહિલા પોસ્ટ કરતી હોવાની પણ દિલ્હી પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી.

દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાની ઘટનાના આશરે ૧૫ દિવસ ફરાર રહ્યાં બાદ દીપ સિદ્ધુ મંગળવારે વહેલી સવારે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલના હાથે ચડ્યો.

---

# રાજ્યસભામાં કાશ્મીરના આઝાદ સહિત ચાર સાંસદોની વિદાય

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યસભામાં ૪ રાજ્યસભાના સાંસદોના વિદાય ભાષણ આપી રહ્યાં હતાં. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા ગુલામ નબી આઝાદના ભારોભાર વખાણ કરી રહ્યાં હતાં. આ દરમિયાન તેમણે અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતની એક પ્રવાસીઓ ભરેલી બસ પર થયેલા એક આતંકવાદી હુમલાને યાદ કરતા રીતસરના રડી પડ્યાં હતાં.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ આતંકી ઘટના ઘટી ત્યારે ગુલામ નબી આઝાદે રાજનીતિથી ઉપર ઉઠીને કઈ કઈ રીતે મદદ કરી તેને લઈને આખી કહાની સંભળાવી હતી. આ દરમિયાન અનેકવાર પીએમ મોદી સદનમાં રીતસરના રડી પડ્યાં હતાં.

પીએમ મોદીએ કહ્યું હતું કે, ગુલામ નબી આઝાદ દળની સાથો સાથ દેશની પણ ચિંતા કરે છે. તેમની જગ્યા ભરવી કોઈ પણ માટે મુશ્કેલ છે. જ્યારે હું ચૂંટણીની રાજનીતિમાં નહોતો ત્યારે ગુલામ નબી આઝાદ અને અમે એકવાર લોબીમાં વાતચીત કરી રહ્યાં હતાં. ત્યારે નજર ટાંપીને બેઠેલા મીડિયાકર્મીઓને આઝાદે મજેદાર જવાબ આપ્યો હતો.

---






# ૨૬મી હિંસા મામલે શશી થરૂર અને પત્રકારોની ધરપકડ પર સુપ્રિમની રોક

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૯

પ્રજાસત્તાક દિવસ એટલે કે ૨૬મી જાન્યુઆરીના રોજ ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા મામલે મંગળવારે સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂર અને પત્રકાર રાજદીપ સરદેસાઈ સહિત અન્ય વરિષ્ઠ પત્રકારોની ધરપકડ પર રોક લગાવી છે.

ઉલ્લેખનીય છે કે, ગણતંત્ર દિવસ પર દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન થયેલી હિંસા અને એક પ્રદર્શનકારીના મૃત્યુ મામલે ભ્રામક ટ્વીટ કરવાના આરોપસર ૫ રાજ્યોમાં કોંગ્રેસના લોકસભા સાંસદ શશિ થરૂર અને ૬ પત્રકારો વિરૂદ્ધ FIR નોંધાઈ હતી. ગુડગાંવ, બેંગલુરૂ અને નોઇડામાં આ મામલે કેસ નોંધાયા હતા. અગાઉ મધ્ય પ્રદેશના વિભિન્ન જિલ્લાઓમાં પણ આ પ્રકારના ૪ કેસ દાખલ કરાવવામાં આવ્યા હતા.

આ પૈકીની મોટા ભાગની હસ્તિઓ સામે રાજદ્રોહ, ધમકી, સાર્વજનિક શાંતિનો ભંગ કરવા ઉશ્કેરણી, ગુનાહિત ષડયંત્ર, ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાની કલમો નોંધાવવામાં આવી છે. આ તરફ દિલ્હી હાઈકોર્ટમાં કેન્દ્ર સરકારના વકીલ ચિરંજીવ કુમારની ફરિયાદના આધારે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદકર્તાએ પોતાની ફરિયાદમાં આરોપીએ ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં પ્રદર્શનકારી નવરીત સિંહના મૃત્યુ મામલે ખોટા સમાચાર ફેલાવ્યા હોવાનું જણાવ્યું હતું.

# બિહારમાં નીતિશ મંત્રી મંડળનું વિસ્તરણ ભાજપના ૯ સહિત૧૭ મંત્રીઓ ઉમેરાયા

(જી.એન.એસ.)પટના,તા.૯

બિહારમાં નિતિશ કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીના શાહનવાજ હુસેન સાથે કુલ ૧૭ નેતાઓએ મંગળવારે મંત્રીપદના શપથ લીધા. બિહારમાં સરકાર બન્યા પછી ખૂબજ લાંબા સમયથી કેબિનેટ વિસ્તરણની રાહ જોવાઈ રહી હતી. જેમાં બીજેપી ક્વોટાના ૯ અને જેડીયુ ક્વોટાથી ૮ મંત્રીઓએ સપથ લીધા. કુલ ૧૭ મંત્રીઓએ શપથ લેતાં બિહાર મંત્રીમંડળ નીતીશની કેબિનેટનું વિસ્તરણ થયું છે. શાહનવાજ હુસેન ફરીથી મંત્રી બની રહ્યા છે. લગભગ ૨૦ વર્ષ પછી તેમને ફરીથી મંત્રી પદ મળી રહ્યું છે. નીતિશ કુમાર અને શાહનવાજ હુસૈન બંને અટલ સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. શાહનવાઝે ઊર્દૂમાં મંત્રીપદના શપથ લીધા હતા. તેમના પછી શ્રવણકુમારે પણ મંત્રી પદના શપથ લીધા. શ્રવણકુમાર નીતિશ કુમારના નજદીકી માનવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સુશાંતસિંહ રાજપૂતના કાકાઈ ભાઈ નિરજસિંહ બબલૂએ પણ મંત્રી પદના શપથ લીધા છે. સુભાષસિંહ, આલોક રંજન ઝા, જનક રામ, નારાયણપ્રસાદ મંત્રી બન્યા છે. જેડીયુ ક્વોટામાંથી લેસી સિંહ, જમા ખાન, જયંત રાજ, મદન સહની, શ્રવણકુમાર, સંજય ઝા અને સુનિલ કુમાર મંત્રી બન્યા છે.

૧૬ નવેમ્બરના જ્યારે નીતિશ સરકારની શપથ વિધિ થઈ ત્યારે ૧૫ મંત્રીઓએ શપથ લીધા હતા.

# તાન્ઝાનિયામાં રહસ્યમય બિમારીથી ૧૫ના મોત અને ૫૦ સંક્રમિત થતા ફફડાટ

(જી.એન.એસ.)ડોડોમા,તા.૯

તાન્ઝાનિયામાં એક રહસ્યમય બીમારી ફેલાયાના સમાચાર છે. આ અજ્ઞાત બીમારીથી પીડિત લોકોને લોહીની ઉલટીઓ થઇ અને અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયા છે. કહેવાય છે કે અત્યાર સુધી આ બીમારીથી ૫૦ લોકો પીડિત થઈ ચૂકયા છે. આ બધાની વચ્ચે તાન્ઝાનિયા સરકારે રહસ્યમય બીમારીનો ખુલાસો કરનાર ચુન્યા જિલ્લાના ચીફ મેડિકલ ઓફિસર ફેલિસ્તા કિસાંદૂને સસ્પેન્ડ કરી દીધા છે.

કિસાંદૂએ કહ્યું હતું કે સંક્રમણની તપાસ માટે લોહીના નમૂનાની તપાસ માટે મોકલી દીધા છે પરંતુ તાન્ઝાનિયાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે કોઈ પ્રકોપના સંકેત નથી. મંત્રાલયે કહ્યું કે બિનજરૂરી ડર ઉભો કરવા માટે કિસાંદૂને સસ્પેન્ડ કરી દીધા છે. આની પહેલાં કિસાંદૂએ તુર્કીની અનાદોલુ એજન્સીને કહ્યું હતું કે દર્દીઓ જેમાં મોટાભાગના પુરુષ છે તેમને પેટ અને અલ્સરની મુશ્કેલી થઇ છે. તેમને સિગારેટ તથા હાર્ડ ડ્રિંકનો ઉપયોગ ના કરવાની કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે ટોચના સરકારી કેમિસ્ટ લોહી અને પાણીના નમૂનાની તપાસ કરશે જેથી કરીને મરકરી પ્રદૂષણની તપાસ કરી શકાય. કિસાંદૂ એ કહ્યું કે આ મોતો ઈફૂમ્બોના એક વૉર્ડમાં થયું છે. આ વૉર્ડમાં દાખલ દર્દીઓએ લોહીની ઉલટી કરી અને તેમનું મોત થઈ ગયું. બીજીબાજુ તાન્ઝાનિયાના સ્વાસ્થ્ય મંત્રી ડોરોથી ગ્વાજિમાએ આ આખા મામલા પર ધ્યાન ના આપવાનું કહ્યું છે અને કિસાંદૂને લોકોમાં ડર ઉભો કરવાના આરોપમાં ૧૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધો.

સ્વાસ્થ્ય મંત્રીએ મેડિકલ કાઉન્સિલને આખા મામલાની તપાસ માટે કહ્યું પરંતુ આ દાવાને રદ કરી દીધો કે વિસ્તારમાં મહામારી ફેલાઈ છે. ૨૦૧૮ની સાલમાં આ વિસ્તારમાં આ પ્રકારની બીમારી ફેલાઈ હતી. કેટલાંય લોકોને તાવ, ઉલટી અને પેટમાં દુખાવો થયો હતો. બીજીબાજુ તાન્ઝાનિયામાં કોરોના વાયરસને લઈ રાષ્ટ્રપતિ જૉન માગૂફુલી પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે.

# બાઈડન સાથે મોદીએ કરી પ્રથમ વાતચીત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી. જો બાઈડેનના રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તેમની પહેલી વાતચીત હતી. આ વાતની માહિતી પીએમ મોદીએ ટ્વીટ કરી આપી. પીએમ મોદીએ પોતાની ટ્વીટમાં કહ્યું કે તેમણે સૌથી પહેલાં જો બાઈડેનને રાષ્ટ્રપતિ બનવાની શુભકામનાઓ પાઠવી. તેમણે ક્ષેત્રીય બાબતો પર વાતચીત કરી. પીએમ મોદીએ ટ્વીટ કરી માહિતી આપી કે તેમણે જો બાઈડેન સાથે ફોન પર વાત કરી અને કહ્યું મેં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી અને તેમને સફળતા માટે શુભકામનાઓ પાઠવી.

# ખંભાળિયાના પાદરમાં રાજકોટની કાર સળગી

ખંભાળિયા તા. ૦૯:ખંભાળિયા શહેર નજીક આવેલા જામનગર રેલ્વે ફાટક પાસે આજરોજ સાંજે રાજકોટની એક સ્વિફ્ટ મોટરકારમાં એકાએક આગ ભભૂકી ઉઠતા થોડો સમય દોડધામ પ્રસરી ગઈ હતી. નસીબજોગે આ આગના કારણે મોટી જાનહાની થતાં અટકી હતી.


તસ્વીરઃ કુંજન રાડીયા

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટ ખાતે રહેતા મહેશભાઈ નાનજીભાઈ ભાડજા તેમની સ્વીફ્ટ મોટરકાર નંબર જી.જે. ૩ સી.આર. ૪૪૦૯ લઈને તેમના પરિવારના બે વડીલો સાથે આજરોજ ઢળતી સાંજે આશરે પોણા સાતેક વાગ્યે ખંભાળિયા આવ્યા હતા. ખંભાળિયાના પ્રવેશદ્વાર નજીક રહેલા રેલવે ફાટક પાસે ટ્રેન આવતી હોય, આ મોટરકારને થોભાવવામાં આવી હતી.

પરંતુ આ મોટરકારમાં આગળના ભગે એકએક આગ લાગી ગઈ હતી. જેથી કાર ચાલક મહેશભાઈ તથા અન્ય બે મુસાફરો તાકીદે કારમાંથી ઉતરી ગયા હતા. આ બનાવ અંગે ખંભાળિયા નગરપાલિકા અને જાણ કરાતા ફાયર સ્ટાફના મહેન્દ્રભાઈ ચોપડા સહિતનો સ્ટાફ ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી અને આગ પર કાબુ મેળવ્યો હતો. સી.એન.જી. ગેસ કીટવાળી આ કારમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આ બનાવ અંગે થોડો સમય રાહદારીઓ-વાહનચાલકોમાં ફફડાટ સાથે દોડધામની લાગણી પ્રસરી ગઈ હતી. જોકે મોટી જાનહાની થતાં અટકી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વધુ બાવીસ ફોર્મ ભરાયા

જામ ખંભાળિયા તા. ૦૯:

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી ૨૮મીના રોજ યોજાનાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, તથા નગરપાલિકાની જુદી- જુદી ૭ સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણીના ફોર્મ ભરવાના આજરોજ મંગળવારે બીજા દિવસે વધુ બાવીસ ફોર્મ ભરાયા છે.

જેમાં જિલ્લા પંચાયતની લાંબા બેઠક માટે એક અને મોટા કાલાવડ બેઠક માટે ઉમેદવારીપત્રો ભરાયા છે. આ ઉપરાંત ખંભાળિયા નગરપાલિકા માટે વોર્ડ નંબર ૩, ૪ તથા ૫ માં એક- એક ફોર્મ ભર્યું છે.

આ ઉપરાંત તાલુકા પંચાયતની ચૂંટણી ખંભાળિયાની બેરાજા બેઠક માટે એક, દ્વારકામાં ધ્રાસણવેલ બેઠક માટે એક, ભાણવડના કાટકોલા બેઠક માટે બે, મેવાસા બેઠક માટે બે મોટા કાલાવડ, મોટા કાલાવડ બેઠક માટે બે, શિવા બેઠક માટે બે ફોર્મ ભરાયા છે. જ્યારે કલ્યાણપુરની નંદાણા બેઠક માટે એક, લાંબા-૧ માટે બે ફોર્મ, તથા લાંબા-૨ માટે બે ફોર્મ ભરાયા છે.

આ વચ્ચે રાવલ નગરપાલિકાની સામાન્ય તથા ઓખા અને સલાયા નગરપાલિકાની પેટાચૂંટણી માટે એક પણ ઉમેદવારી પત્ર આજે બીજા દિવસે પણ ભરાયું નથી.

દેવભૂમી દ્વારકા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત અને નગરપાલિકાની અલગ-અલગ બેઠકો માટે રાજકીય સમીકરણો દિન-પ્રતિદીન ગરમાવો લાવી રહ્યા છે. રાજકીય લોકોની ચહલ-પહલ પણ વધવા પામી છે.

# ધ્રોલના લુંટ કેસના આરોપીને બાર વર્ષે ઝડપી લેતી પોલીસ

જામનગર તા. ૦૯:

ગુજરાત રાજ્યનાઓએ નાસતાં - ફરતાં આરોપીઓ પકડી પાડવા ખાસ ઝુંબેશનું આયોજન કરેલ હોય જે અનુસંધાને જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક દીપન ભદ્રનની સુચના તેમજ એલ.સી.બી. પો. ઈન્સ. કે.જી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સ.ઈ. એ.એસ.ગરચર તથા સ્ટાફના માણસો પેરોલ ફર્લો ફરારી / નાસતા - ફરતા ગુન્હેગારોને શોધી કાઢવા અંગે પ્રયત્નશીલ હતા . દરમ્યાન પો. હેડ કોન્સ. કાસમભાઈ બ્લોચ તથા ગજેન્દ્રસિંહ જાડેજા નાઓને નાસતો - ફરતો આરોપી કમલેશ ઉર્ફે કમલા ધનજીયા બાંગડીયા રહે.બડા ઈટાળા તા.આંબુઆ જી.અલીરાજપુર (એમ.પી.) વાળો હાલ વડોદરા જીલ્લાના કરજણ ખાતે હોય તેવી હકીકત આધારે પોલીસ ટીમ સાથે સદરહુ જગ્યાએ જઈ મજકુર આરોપીને પકડી પાડી પો. સબ ઈન્સ. એ.એસ.ગરચરએ હસ્તગત કરી આગળની કાર્યવાહી સારૂ ધ્રોલ પો.સ્ટે.ને સોંપી આપવા તજવીજ કરેલ છે .



આ કામગીરીમાં પેરોલ / ફર્લો સ્કવોડના પો.સ.ઈ. શ્રી એ.એસ.ગરચર તથા પો. હેડ કોન્સ. ગજેન્દ્રસિંહ જાડેજા, સુરેન્દ્રસિંહ ચૌહાણ, રણજીતસિંહ પરમાર, સલીમભાઈ નોયડા, કાસમભાઈ બ્લોચ, મેહુલભાઈ ગઢવી, નિર્મળસિંહ જાડેજા, ભરતભાઈ ડાંગર, રાજેશભાઈ સુવા, ગીરીરાજસિંહ જાડેજા તથા પો. કોન્સ. ધર્મેન્દ્રભાઈ વૈષ્ણવ તથા એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા એલ.સી.બી.ના પો. હેડ કોન્સ. નિર્મળસિંહ એસ. જાડેજાનાઓ કરેલ છે.

# જામનગરમાં ભાજપ-કોંગ્રેસનું સોશ્યલ મિડીયામાં આરંભાયેલું પ્રચાર યુદ્ધ

જામનગર તા. ૯: ગુજરાતમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતોની ચૂંટણી યોજનાર હોય, સમગ્ર રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. હજુ તો રાજ્યની છ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી, ફોર્મ ભરવાની પ્રક્રિયા થઈ છે ત્યાં તો સમગ્ર રાજ્યમાં ખાસ કરીને બે મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસમાં પસંદગી-નાપસંદગી સહિતના વિવાદો ઊભા થયા છે. અનેક નેતાઓ-કાર્યકર્તાઓમાં નેતાગીરીની નીતિરીતિ સામે અસંતોષ પેદા થયો છે અને ચૂંટણીમાં આ વિરોધ-અસંતોષ મહત્ત્વનો ભાગ ભજવશે તેમ અત્યારે તો જણાય રહ્યું છે.



ભાજપની નેતાગીરી અને તેનું મીડિયાસેલ આ પરિસ્થિતિનો લાભ લેવાનું પણ ચૂક્યા નથી. રાજ્યમાં ભાજપમાં જે કોઈ સ્થળે અસંતોષ કે વિરોધ હોય તો તે બાબતો મીડિયામાં ન આવે તેની પૂરેપૂરી દરકાર રાખવામાં આવી રહી છે. તેની સામે કોંગ્રેસમાં થઈ રહેલા વિરોધ-અસંતોષને જોરશોરથી વારંવાર પ્રસારિત કરવાની 'સેવા' પણ આ 'કહ્યાગરા' લોકો કરી રહ્યા છે. કોંગ્રેસના કકળાટને વ્યાપક રીતે રજૂ કરી ચૂંટણી દરમિયાન મતદારોમાં કોંગ્રેસ અને તેના ઉમેદવારોના મોરલને ઢીલો પાડી દેવાની રીતસર કવાયત ચાલી રહી હોય તેમ જણાય છે. કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગીમાં નેતાઓ-કાર્યકર્તાઓમાં રોષ કે અસંતોષ છે.

૨૦૧૪ ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં કોંગ્રેસનો સફાયો કરી દીધો હોવા છતાં ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ સીટ જીતવાની ડંફાશો સામે ભાજપ માંડ માંડ ૯૯ બેઠકો મેળવી શકી હતી! ૨૦૧૫ ની ચૂંટણીમાં જામનગર અને રાજકોટ મહાનગરપાલિકામાં પણ ભાજપ માંડ માંડ બહુમતિ સાથે સત્તા કબજે કરી શક્યું હતું. આમ લોકસભાની ચૂંટણીના સંદર્ભમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના પરિણામો અંગે ધારણાં કરવી મુશ્કેલ છે અને તેમાં ય આ વખતની ખાસ કરીને તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં ગ્રામ્ય પ્રજા-ખેડૂતોનો મિજાજ કંઈ ઓર જ છે! અને ગુજરાતની તા.પં., જિ.પં.ની ચૂંટણીમાં ભાજપની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે તેમ કહી શકાય!

કૃષિ કાયદા, મોંઘવારી, જમીનના ખોટા સર્વેક્ષણ, બિયારણ, ખાતર, જંતુનાશક દવા, ખેત ઓજારોમાં કોઈ રાહત નહીં જેવા અનેક મુદ્દાઓના કારણે ગ્રામ્ય પ્રજા અને ખેડૂતોમાં નારાજગી પ્રવર્તે છે અને તેથી જ કદાચ પ્રજાને માત્ર કોંગ્રેસના આંતરિક કકળાટ, અસંતોષ, બળવાને મીડિયામાં વધુને વધુ હાઈલાઈટ કરવાનું પ્રચાર યુદ્ધ ચાલી રહ્યું છે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૧ અન્વયે**

# મતદાન પુર્વેના ૪૮ કલાક, મતદાન દિન અને મતગણતરીના દિવસોને ડ્રાય-ડે જાહેર કરાયા

જામનગર તા. ૦૯: ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૧-૨ અને તા. ૨૮-૨ના રોજ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજ્યના એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવેલ છે. જે અન્વયે જામનગર જિલ્લાના મહાનગરપાલિકા વિસ્તારમાં, જિલ્લા-તાલુકા પંચાયત મતદાર મંડળ વિસ્તારમાં, સિક્કા નગરપાલિકા વિસ્તાર તથા જામજોધપુર નગરપાલિકાના વોર્ડ નં.૭ના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા લાગુ પડેલી છે.

આ ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી મતદારોને પ્રલોભનરૂપે દારૂ તેમજ નશાયુકત પદાર્થ આપે નહીં અને ચૂંટણીનું કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલ કેફી પદાર્થોના વેચાણ કરતી (લીકરશોપ) હોટલ, રેસ્ટોરન્ટ, કલબ તથા બીજી સંસ્થાઓને દારૂનું વેચાણ કરવા સામે મતદાન પૂરું થવા માટે નિયત થયેલ સમય સાથે પૂરા થતા ૪૮કલાકના સમયગાળા પહેલા અને મતગણતરીના દિવસે એટલે કે તા.૨૩-૦૨-૨૦૨૧ તથા તા.૦૨-૦૩-૨૦૨૧ ના દિવસને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

જિલ્લા મેજીસ્ટ્રેટ જામનગર દ્વારા જામનગર જિલ્લામાં સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ હોટલ, રેસ્ટોરન્ટ, કલબ વગેરેને કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પૂરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય, વ્યકિતગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ આપેલ હોય તેવી વ્યકિતઓને તા.૨૧-૨-૨૦૨૧ ના રોજ મતદાન પૂરું થવા માટે નિયત થયેલ સમય સાથે પૂરા થતા ૪૮ કલાકના સમયગાળા પહેલા એટલે કે તા.૧૯-૦૨-૨૦૨૧ થી તા.૨૧-૨-૨૦૨૧ સુધી અને મતગણતરીના દિવસે એટલે કે તા.૨૩-૦૨-૨૦૨૧ના દિવસે તેમજ તા.૨૮-૨-૨૦૨૧ના રોજ મતદાન પૂરું થવા માટે નિયત થયેલ સમય સાથે પૂરા થતાં ૪૮ કલાકના સમયગાળા પહેલા એટલે કે તા.૨૬-૦૨-૨૦૨૧ થી તા.૨૮-૨-૨૦૨૧ સુધી અને મતગણતરીના દિવસ એટલે કે તા.૦૨-૩-૨૦૨૧ના દિવસે દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, આ સમયગાળાને ડ્રાય ડે તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ તથા આઈપીસીની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમ જિલ્લાધ મેજીસ્ટ્રેટ જામનગર દ્વારા હુકમ કરી જણાવ્યું છે.

# જામનગરમાં ચૂંટણીને ધ્યાને લઈ અધિકારીઓને તાલિમ અપાઈ


તસ્વીરઃ અનીલ ગોહિલ

જામનગર તા. ૦૯: આગામી તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેમાં અનેક સરકારી અધિકારીઓ ચૂંટણી ફરજમાં જોડાશે. આ ચૂંટણી ફરજમાં જોડાયેલા અધિકારીઓને મતદાન કાર્યવાહીની પ્રક્રિયાઓ અંગે આજે તાલિમ આપવામાં આવી હતી. જામનગરના ઓશવાળ સેન્ટર ખાતે સરકારી અધિકારીઓ કે જેઓ ચૂંટણી ફરજમાં જોડાનાર હોય, તેઓને તાલિમ આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મતદાન બુથમાં મતદાન સમયે અધિકારીઓએ કરવાની કાર્યવાહી અંગે વિગતવાર સમજૂતિ આપી અધિકારીઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જેમને મતદાન કાર્યક્રમ દરમિયાન રાખવાની તકેદારી અને મતદાન મથક ખાતેની વિગતોની સમજૂતિ આપવામાં આવી હતી. તેમજ મતદાન મથક ખાતે ધ્યાનમાં રાખવાની બાબતોનું માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# જામનગરમાં મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણીપ્રચાર કરવા પ્રતિબંધનું ફરમાન

જામનગર તા. ૦૯:

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૧-૨ અને તા. ૨૮-૨ના રોજ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજ્યના એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા, જામનગર વિસ્તારમાં મતદાન તા.૨૧-૨ તથા જિલ્લા, તાલુકા પંચાયત મતદાર મંડળ વિસ્તારમાં, સિક્કા નગરપાલિકા વિસ્તાર તથા જામજોધપુર નગરપાલિકા વોર્ડ નંબર ૭ ના વિસ્તારમાં મતદાન તા.૨૮-૨ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણીમાં મતદાન માટે મુક્કર થયેલ મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો કે તેમના કાર્યકરો/ ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પુરેપુરી શક્યતા રહેલી છે. મતદાન કરવા જતા મતદારોને કોઈ ડર ન રહે તેમજ મતદાન કરવા કે ન કરવા બાબતે કોઈ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સંબંધી પ્રતીકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેંચવામાં ન આવે તે જોવું જરૂરી છે. રાજકીય પક્ષો કે ઉમેદવારોના કાર્યકરો વચ્ચે સંઘર્ષ થતું નિવારવા માટે અને મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી અધિક મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર સરવૈયાએ તા.૨૧-૦૨-૨૦૨૧ તથા તા.૨૮-૦૨-૨૦૨૧ના રોજ કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા જાહેરનામા દ્વારા જણાવ્યું છે.

જેમાં મતદાનના દિવસે મુકરર થયેલ મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી સંબંધી બુથ ઉભા કરી શકાશે નહીં.ચૂંટણી એજન્ટ તથા પક્ષના/ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદારોને ઉમેદવારોના નામ, પ્રતીક કે પક્ષના નામ વગરની મતદાર કાપલીના વિતરણ માટે એક જ મંડપ બાંધી શકશે, જેમાં એક ટેબલ અને બે ખુરશી રાખી શકાશે. આવા સ્થળે ઉમેદવાર ૩x૧.૫ ફૂટનું ફક્ત ૧(એક)બેનર રાખી શકશે. છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી વ્યવસ્થા કરી શકશે, જેને ચારેબાજુથી બંધ કરી શકાશે નહીં. આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તામંડળની લેખિત પરવાનગી મેળવવી અને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને જાણ કરવી જોઈશે.

મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણીપ્રચાર કરી શકાશે નહીં. ચૂંટણી સંબંધિત પત્રિકાઓનું વિતરણ થઈ શકશે નહીં તેમજ ચૂંટણી પ્રતીકો દર્શાવી શકાશે નહિ. મતદાન કરવા જતા મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહીં. મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરુદ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકાશે નહીં, કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહીં. મતદાનના દિવસે મતદાન મથકની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી સંબંધી હેતુ માટે મોબાઈલ ફોન, કોડલેસ ફોન જેવા વિજાણું યંત્રોનો ઉપયોગ થઈ શકશે નહીં. મતદાનના દિવસે ઉમેદવાર/રાજકીય પક્ષના મંજૂરીવાળા ચૂંટણી સંબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગથી ૧૦૦મીટરની અંદરના વિસ્તારમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે. મતદાન કરી આવેલા મતદારોએ મંડપમાં ભેગા/એકત્ર થવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને આઈપીસીની કલમ-૧૮૮મુજબ સજા થશે.

# જામનગરમાં દિવસે ગરમી રાત્રે ઠંડી

**છેલ્લા પાંચ-છ દિવસથી બપોરના ગરમી અને સવાર સાંજ ઠંડા પવનથી રોગચાળો વધ્યો**

જામનગર તા.૦૯:

જામનગર સહિત સમગ્ર હાલારમાં હવે ઠંડી ગરમીની સીઝન શ થઈ ચુકી છે બપોરના ઉનાળા જેવી ગરમી જોવા મળે છે, જયારે સવાર સાંજ ઠંડો પવન જોવા મળ્યો છે. આમ મિશ્ર વાતાવરણને કારણે રોગચાળો વધી રહયો છે.

કલેકટર કચેરીના કન્ટ્રોલમના જણાવ્યા મુજબ ઓછામાં ઓછુ તાપમાન ૧૫ ડીગ્રી, વધુમાં વધુ તાપમાન ૩૦ ડીગ્રી, હવામાં ભેજ ૬૩ ટકા, પવનની ગતી ૨૦ થી ૨૫ કીમી પ્રતી કલાક જોવા મળી હતી. ઠંડી ગરમીની સીઝનને કારણે હાલારમાં તાવ, શરદી, ઉધરસના કેસો પણ વધ્યા છે, જો કે આ વર્ષે શિયાળામાં સ્વાઈનફલુ આવ્યો નથી, છેલ્લા ત્રણ ચાર દિવસથી તો મિશ્ર ઋતુનું આગમન થઈ ચુકયું છે.

કાલાવડ, ખંભાળીયા, જામજોધપુર, કલ્યાણપુર, ભાણવડ, લાલપુર, ધ્રોલ જોડીયા, ફલ્લા, રાવલ, સલાયા સહિતના વિસ્તારોમાં અને આજુબાજુના ગામડાઓમાં ઠંડીએ જોર પકડયું છે, ગામડાઓમાં બજારો વહેલી બંધ થઈ જાય છે.

છેલ્લા ઘણા દિવસથી સમગ્ર હાલારમાં કોલ્ડવેવ છવાયો હતો, ઠંડીથી લોકો પણ કંટાળી ગયા હતા, ત્યારબાદ ત્રણ ચાર દિવસથી ઠંડીથી રાહત થઈ હતી પરંતુ આજે સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.જો કે બપોરના ગરમી અને સવાર સાંજ ઠંડીનો માહોલ છવાયો છે, જો કે હજુ ફેબ્રુઆરી માસમાં ઠંડી રહેશે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે, દેશના કેટલાક ભાગોમાં હજુ પણ ઠંડી ચાલી રહી છે.

# જામનગરના બર્ધન ચોકમાં રીક્ષા ઊભી રાખવાના મામલે ડ્રાઈવર ઉપર હુમલો

જામનગર તા.૦૯:

જામનગરના બર્ધન ચોક માં રિક્ષા ઊભી રાખવાના મામલે એક વૃધ્ધને માર મારવામાં આવ્યો હતો, જ્યારે કાનાલુસ સીમમાં રેલ યાર્ડ પાસે ટ્રક આગળ રાખીને ઉશ્કેરાયેલા શખ્સે એક યુવાનને માર માર્યો હતો.

જામનગરના ખોજાવાળ ખાતે રહેતા રિક્ષા ડ્રાઈવર અબ્દુલ રહેમાન હાજી આમદ ખાખી ઉંમર વર્ષ ૫૯ ની ઓટો રીક્ષામાં પેસેન્જર લેવા માટે બર્ધન ચોક સિંધી માર્કેટ પાસે ઊભા હોય ત્યારે આરોપી એ રીક્ષા ઉભી રાખવાની ના પાડીને પાઈપથી હુમલો કર્યો હતો તેમજ ઢીકા પાટુનો માર મારી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે અબ્દુલ રહેમાનભાઈ દ્વારા સીટી-એ ડિવિઝનમા યુસુફ મુલલા રહે, મહેંદી બજાર જામનગર તથા ગની ઈસ્માઈલ રે. મોટા ચોક જામનગર આ બંનેની સામે ફરિયાદ નોંધાવી હતી.

જામનગરના નવાગામ ઘેડ ખડ ખડનગરમાં રહેતાં ચંદુ માધાભાઈ ઠાકર ઉંમર ૪૬ દ્વારા મેઘપર પોલીસમાં જામનગરના દિલીપસિંહ રાયજાદા સામે ફરિયાદ નોંધાવી હતી.

જેમાં જણાવ્યા મુજબ ફરિયાદી પોતાની ટ્રેલર ટ્રક નંબર જીજે ૧૦ ડબલ્યુ ૭૫૮૨ રેલયાર્ડમાંખાલી કરવા જતા હતા, ત્યારે આરોપીએ પોતાની ટ્રક આગળ રાખી દેતા ફરિયાદીને ગાડી કાઢવામાં તકલીફ થતાં હોર્ન મારતા હતા એ વેળાએ આરોપી ઉશ્કેરાઈ જઈને ચંદુભાઈને અપશબ્દો બોલી લોખંડના શેડ થી કપાળના ભાગે ઘા ઝીંકી દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વધુ બાવીસ ફોર્મ ભરાયા

જામ ખંભાળિયા: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી ૨૮મીના રોજ યોજાનાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, તથા નગરપાલિકાની જુદી-જુદી ૭ સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણીના ફોર્મ ભરવાના આજરોજ મંગળવારે બીજા દિવસે વધુ બાવીસ ફોર્મ ભરાયા છે. જેમાં જિલ્લા પંચાયતની લાંબા બેઠક માટે એક અને મોટા કાલાવડ બેઠક માટે ઉમેદવારીપત્રો ભરાયા છે. આ ઉપરાંત ખંભાળિયા નગરપાલિકા માટે વોર્ડ નંબર ૩, ૪ તથા ૫ માં એક- એક ફોર્મ ભર્યું છે. આ ઉપરાંત તાલુકા પંચાયતની ચૂંટણી ખંભાળિયાની બેરાજા બેઠક માટે એક, દ્વારકામાં ધ્રાસણવેલ બેઠક માટે એક, ભાણવડના કાટકોલા બેઠક માટે બે, મેવાસા બેઠક માટે બે મોટા કાલાવડ, મોટા કાલાવડ બેઠક માટે બે, શિવા બેઠક માટે બે ફોર્મ ભરાયા છે. જ્યારે કલ્યાણપુરની નંદાણા બેઠક માટે એક, લાંબા-૧ માટે બે ફોર્મ, તથા લાંબા-૨ માટે બે ફોર્મ ભરાયા છે.

આ વચ્ચે રાવલ નગરપાલિકાની સામાન્ય તથા ઓખા અને સલાયા નગરપાલિકાની પેટાચૂંટણી માટે એક પણ ઉમેદવારી પત્ર આજે બીજા દિવસે પણ ભરાયું નથી.

# જામનગરના લાલવાડીના આઠ માળીયા પાસે જુગાર રમતી પાંચ મહિલા સહીત ૧૫ ઝડપાયા

જામનગર તા. ૦૯:

જામનગરમાં ધરારનગર-૨ અને લાલવાડી નવા આઠમાળીયા પાસે પોલીસે જુદા જુદા દરોડામાં જુગાર રમતા ૫ મહિલા સહિત ૧૫ શખ્સોને પકડી પાડી રૂ.૨૬,૬૫૦ની રોકડ સહિતની મતા કબજે કરી હતી.

જામનગરમાં ધરારનગર-૨ અને લાલવાડી નવા આઠમાળીયા પાસે પોલીસે જુદા જુદા દરોડામાં જુગાર રમતા ૫ મહિલા સહિત ૧૫ શખ્સોને પકડી પાડી રૂ.૨૬,૬૫૦ની રોકડ સહિતની મતા કબજે કરી હતી. જામનગરમાં સીટી બી પોલીસે ધરારનગર-૨ વિસ્તારમાં દરોડો પાડી ગંજીપાના વડે જુગાર રમતા મરીયમબેન હારૂનભાઈ સેતા, ભારતીબેન ભીખુભાઈ નાગેરા, રજીયાબેન ઉર્ફે રજુડી દોશમામદ જોખીયા, અશોક વેલજીભાઈ ઝીંઝુવાડીયા, સાહિલ ઉર્ફે ભોલીયો વલીમામદભાઈ મથુપોત્રા, પ્રવિણાબેન જેસીંગભાઈ ગોડશે, કરીમ સીદીકભાઈજોખીયા અને રોશનબેન અલ્તાફભાઈ દરજાદાને પકડી પાડી રૂ.૧૦,૨૦૦ની રોકડ સહિતની મતા કબજે કરી હતી. જયારે શહેરની ભાગોળે લાલવાડી વિસ્તારમાં નવા આઠમાળીયા આવાસના સી વિંગના પાર્કિંગમાંથી પોલીસે દિપક મગનભાઈ જેઠવા, નિતિન જેઠાલાલ વારા, પ્રદિપ ઉર્ફે પલકો વલ્લભભાઈ ચૌહાણ, શૈલેષ જીવરાજભાઈ મહેતા, ઈશ્વરલાલ હિરાલાલ જેઠવા, અમૃતલાલ સવજીભાઈ ચૌહાણ અને નરેશ ઉર્ફે નશો પરસોતમભાઈ મતીયા સહિત આઠને જુગાર રમતા પકડી પાડી રૂ. ૧૬,૪૫૦ની રોકડ સહિતની માલમતા કબજે લઈ તમામ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

# મેંગોપીપલ પરીવાર દ્વારા પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૯

મિતલબેન નેનુજીના માર્ગદર્શન હેઠળ નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મેંગોપીપલ પરીવાર દ્વારા શહેરની નામાંકિત શાળા બાલકૃષ્ણ વિદ્યામંદિરમાં સેકન્ડરી તથા હાયર સેકન્ડરીની દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરેલ. અરૂંધતીબેન વેગડ તથા બીનાબેન પરીખ દ્વારા દીકરીઓને શરીરિક સ્વચ્છતા વિશેની સરળભાષામાં સમજણ આપવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમ સરકારના આદેશ મુજબ માસ્ક અને સોશ્યલ ડિસ્ટસન્સિંગનું પાલન કરી પૂર્ણ કરેલ. આ સતર્કમને સફળ બનાવવા માટે મનીષભાઈ રાઠોડ, રૂપલબેન રાઠોડ, વિશાલભાઈ નેનુજી, મિતલબેન નેનુજી, પલ્લવીબેન મોરઝરીયા તથા ઉદયભાઈએ સુંદર વ્યવસ્થા કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર છેલ્લા ૭ વર્ષથી રાજકોટ તથા જામનગરમાં ઝુપડપટ્ટી અને સ્લમવિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે. તે આ બાળકો માટે અલગ અલગ સ્થળોએ ફ્રી એજ્યુકેશન ક્લાસ ચલાવી રહી છે. સંસ્થાની વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ (મો. ૯૨૭૬૦૦૭૭૮૬ ) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

# વાંકાનેરમાં બારોટ સમાજના સ્નેહમિલનમાં નવા હોદેદારોની વરણી





ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૯

વાંકાનેર શહેર ખાતે શ્રી યુવા બારોટ સોશિયલ ગ્રુપ-વાંકાનેર દ્વારા સમસ્ત વાંકાનેર બારોટ સમાજનું સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વાનુમતે સમાજના સંગઠનના નવા હોદેદારોની નિમણૂક કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ નાની બાળાઓના હાથે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી, જે બાદ યુવા બારોટ સોશિયલ ગ્રુપના નવા હોદેદારોની વરણી કરવામાં આવી હતી, ત્યારબાદ વડીલો દ્વારા સમાજમા એકતાનો સંદેશ આપી નિયુક્ત થયેલ હોદેદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે સમસ્ત વાંકાનેર બારોટ સમાજે સાથે ભોજન લીધું અને બાદમાં નાના-મોટા સૌ સાથે મળીને ગરબાના તાલે ઝુમ્યા, આ આયોજન ને સફળ બનાવવા યુવા બારોટ સોશિયલ ગ્રુપના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભાજપ પ્રદેશ પ્રમુખ સંસદસભ્ય પદેથી રાજીનામું આપશે ??

ચક્રવાત ટીમ, તા.૦૯

સંગઠનના હોદેદારોને ચૂંટણીમાં ટીકીટો નહી આપવાનો મૌખિક નિયમ લાગુ કરીને જમીની કાર્યકર્તાઓને ટીકીટોથી વંચિત રાખીને પસંદગીના લોકોને જાતીવાદ મુજબ સ્થાનિક ચૂંટણીની ટીકીટો આપવામાં આવતાં ભાજપના પેજ પ્રમુખો અને હોદેદારોમાં અસંતોષ અને વિરોધનો માહોલ ઉભો થયો છે, પ્રદેશપ્રમુખ એક વ્યક્તિ એક હોદાનું ચુસ્ત પાલન કરાવવા ચૂંટણીના મતદાન પહેલા ભાજપને વફાદાર રહીને પક્ષની સેવામાં પ્રદેશપ્રમુખ પદની જવાબદારી સંભાળશે અને એક વ્યક્તિ એક હોદાનું પાલન કરીને સંસદસભ્ય પદેથી રાજીનામું આપી તટસ્થતા પુરવાર કરશે એવી માંગણી કરવામાં આવી રહી છે. ભાજપના પાર્લામેન્ટરી બોર્ડમાં ગુજરાત સરકારના મંત્રીમંડળની દરમિયાનગીરીને ભાજપના સંગઠનના કાર્યકર્તાઓ વખોડી રહ્યા છે. સરકાર અને રાજકીય પક્ષનું સંગઠન જુદા છે સરકારનું મંત્રીમંડળ કે ચૂંટાયેલા ધારાસભ્યો સૌથી પહેલા પ્રજાના પ્રતિનિધિઓ છે તેથી સરકારના મંત્રી મંડળના મંત્રીઓ દ્વારા ભાજપની રાજકીય વ્યવસ્થાઓ અને મેન્ડેન્ટ કાર્યવાહી કરવામાં આવી તે સરકારની લોકશાહી પ્રણાલી વિરુદ્ધ છે. મંત્રીમંડળના સભ્યો પક્ષના હોદેદાર ના હોવા છતાં ભાજપના કાર્યકર્તાઓના મેન્ડેટ સંચાલન કરવામાં આવી રહ્યું છે તેની સામે પણ સંગઠનમાં રોષની લાગણી વ્યક્ત થઈ રહી છે. વારંવાર જાતે પોતે મેન્ડેટ મેળવી ૨૦-૨૦ વરસથી મંત્રી બની બેઠેલા લોકો પક્ષમાં સગાવાદ જાતીવાદ કરીને મેન્ડેટ આપતા હોવાથી ટીકીટોથી વંચિત રહેલા હજારો કાર્યકર્તાઓ મંત્રીમંડળના સભ્યો સામે અને પ્રદેશપ્રમુખની બેધારી અનીતિ સામે રોષ ઠાલવી રહ્યા છે. સંગઠનમાં હોદેદાર હોય તેમજ સંસદસભ્ય, ધારાસભ્ય, બેંકમાં ચેરમેન, બોર્ડ નીગમના ચેરમેન, ડેરીઓ, સંઘો ના ચેરમેન હોય એ બધા એક એક હોદો ધરાવે છે એમના કુટુંબ પરીવારના લોકો વર્ષોથી ભાજપ સરકારની એકહથ્થુ સતાનો લાભ લેતા રહ્યા છે જેથી જાતીવાદ અને સગાવાદ સામે ભાજપમાંથી રોષ ભભૂકી ઉઠયો છે. પ્રદેશ પ્રમુખ ભાજપને વફાદાર હોવાથી સંગઠનની જવાબદારી નીભાવવા સી.આર. પાટીલ સાહેબ આગામી મતદાન થાય તે પહેલા સંસદસભ્ય પદેથી રાજીનામું આપીને પક્ષ પ્રત્યે વિશ્વાસ સાબિત કરશે એવી માંગણી બળવતર બની છે.

# ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા મધુવન-સરદાર નગર સોસાયટી વિસ્તારમાં વિપશ્યના શિબિરનું આયોજન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં નગરજનો માટે જન જાગૃત્તિ અને યોગ શિબિરનું તેમજ શૈક્ષણિક, કાયદાકીય અને રોજગાર લક્ષ શિબિરો તેમજ સેમિનારો કરવાનું જીલ્લા ગીર સોમનાથ યુનિટ મધ્યસ્થ કોડીનાર કાર્યાલય દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ મુજબ આજ રોજ પ્રથમ યોગ શિબિર નું કોડીનાર શહેર વોર્ડ નંબર ૧ ના મધુવન સરદાર નગર સોસાયટી વિસ્તારમાં એક શિબિર અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બાબતે સોસાયટી ના રહેવાસીઓ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી તેમજ તેમા સરકારી કર્મચારીઓ, નિવૃત કર્મચારીઓ તથા સોસાયટીમાં રહેતા યુવાનો દ્વારા આ શિબિર બાબતે ખુબ સરસ કામગીરી કરવામાં આવી હતી. આ સેમિનાર અને શિબિર માં ખુબ મોટી સંખ્યામાં સોસાયટી માં વસતા સર્વ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ત્રણ કલાક સુધી પુર્ણ સમય સુધી તમામ લોકોએ ઉત્સાહ પૂર્વક હાજરી આપી હતી. તેમજ એક વિચાર એક ભારતના તમામ કાર્યકરો ને શુભેચ્છાઓ પાઠવી હતી, ભવિષ્યમાં આ પ્રકારના આયોજનો થાય તેમજ સોસાયટીમાં રહેતાં તમામ સર્વ સમાજના આગેવાનો, લોકો તથા મહિલાઓ અને બાળકોએ પણ આ કાર્યક્રમ માં ભાગ લીધો હતો. વિપશ્યના શિબિરમાં સુત્રાપાડા તાલુકાના અગ્રગણ્ય સામાજિક આગેવાનો તથા સામાજિક કાર્યકરો પણ હાજર રહ્યા હતા. કોડીનાર શહેરમાં આ મુજબની શિક્ષણ, કાયદા અને રોજગાર સંબધી તથા યોગ અને જન જાગૃત્તિ શિબિર તથા સેમિનારો થાય તેવી એક વિચાર એક ભારત કોડીનાર, જિલ્લા ગીર સોમનાથ યુનિટ પાસે લોકોએ તથા સામાજિક કાર્યકરોએ માંગણીઓ કરી હતી. ઉલ્લેખનીય છે કે એક વિચાર એક ભારત એ સર્વ સમાજના લોકો માટે તેમના હક્ક અને અધિકાર માટે કાર્ય કરતું એક મહત્વનું રાષ્ટ્રીય સંગઠન છે.

# માતાના ચરણ દુધથી પખાળવાનો સોનેરી અવસર મારા માટે અમૃતપાન છે : હાર્દિક હુંડીયા



ચક્રવાત ટીમ, તા.૦૯

માઁ માટે શું લખું ? માઁ એ ખુદ મને લખ્યો છે . આ વાત જણાવતા સ્ટાર રિપોર્ટ નાં પ્રધાન સંપાદક હાર્દિક હુંડીયા જી એ જણાવ્યું કે અમે ૧૭ તે માતાજી ઓ નું સન્માન કરેલ છે જે દેશ માટે અનમોલ પ્રેરણા આપી રહ્યા છે. સદી નાં મહાનાયક અમિતાભ બચ્ચનજી એ તેમના સંદેશ માં જણાવ્યું કે માતાઓ નાં સમ્માન સમારોહ માટે મારી હાર્દિક શુભકામનાઓ છે. મહારાષ્ટ્ર નાં ગૃહમંત્રી અનિલ દેશમુખે જણાવ્યું કે હાર્દિક હુંડીયા અનેક સામાજિક કાર્ય કરે છે. તેમના માતા ઓ નાં કાર્યક્રમ માટે હાર્દિક બધાઇ આપું છું. રાજસ્થાન નાં મુખ્યમંત્રી અશોક ગહલોતે તેમના પાઠવેલ સંદેશ માં જણાવ્યું કે સ્ટાર રિપોર્ટ નાં સકારાત્મક સમાચાર માટે અભિનંદન. આપું છું. મહારાષ્ટ્ર નાં પૂર્વમંત્રી રાજ કે પુરોહિતજી એ જણાવ્યું કે ઈશ્વર ને કોણે જોયા છે? માતા નું સમ્માન એજ ઈશ્વર નું સમ્માન છે. ભારતીય ક્રિકેટ ટીમ નાં વિશ્વ પ્રસિદ્ધ ખેલાડી દિલીપ વેંગસરકરે તેમના સંદેશ માં જણાવ્યું કે માતા નો ત્યાગ, તેમનો પ્રેમ , તે માટે આપને શું કહું ?માતા ઓં નાં સમ્માન નું અનમોલ કાર્ય તમારા હાથે થતું રહે તેવી ઈશ્વર ને પ્રાર્થના કરું છું . વિશ્વપ્રસિદ્ધ કવિ , લેખક અને કલાકાર શૈલેશ લોઢા એ જણાવ્યું કે માતા નાં કષ્ટ, ત્યાગ અને બલિદાન હેતુ તેમના ચરણોમાં કોટી કોટિ પ્રણામ. પાશ્વગાયક અમન ત્રિખા એ જણાવ્યું કે માઁ ભગવાન નું રૂપ છે. ભગવાન બધી જગ્યાએ જઈ શકતા નથી તે માટે તેઓએ માતાનું સર્જન કર્યું. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા નાં કલાકાર શ્યામ પાઠક ઉર્ફે પોપટલાલ જીએ જણાવ્યું કે હાર્દિક હુંડીયા ના આ વિચાર ને હું સલામ કરુ છું . તેઓ દ્વારા માતા ઓ નો જે કાર્યક્રમ આયોજિત કરેલ છે તે અદભુત છે . ફિલ્મ કલાકાર મુકેશ ઋષિ એ કહ્યું કે હાર્દિક હુંડીયા નાં આ માતા ઓના કાર્યક્રમ થી કોઈ ને કોઈ એક શીખ જરૂર મળે છે . માઁ તો બસ માઁ છે .

# પોરબંદરની ખાસ જેલમાં કેદીઓ સાથે અમાનવીય કૃત્યો થતા હોવાની રજૂઆત

## મહેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જેલ અધિક્ષકને આવેદન પત્ર આપવામાં આવ્યું

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

પોરબંદરની જેલમાં બંદીવાન કેદીઓને માનસિક, આર્થિક તેમજ શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જયારે આવો આક્ષેપ બંધ કરવા જેલ અધિક્ષકને રજૂઆતો કરવામાં આવી છે.પોરબંદરની શ્રી મહેર ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા પોરબંદરની ખાસ જેલના જેલ અધિક્ષકને આવેદન પત્ર પાઠવી રજૂવાતો કરવામાં આવી છે કે, પોરબંદર શહેરની ખાસ જેલમાં બંધ કરશનભાઇ હાજાભાઇ મોરી, વિરાભાઇ ડી. કટારા અને મહેશ એસ. મોરી નામના કેદીઓ પાસેથી જેલના સિપાહી દ્વારા મોટી રકમની માંગણી કરવામાં આવે છે અને જો આવી રકમ આપવાની ના પાડવામાં આવે તો કેદીઓ પર જુલમ કરવામાં આવે છે. કેદીઓ તેના કામની મુદત પૂર્ણ કરી પરત ફરે છે ત્યારે સિપાહીઓને તેનો હપ્તો ન આપવામાં આવે તો કેદીઓના કપડા કાઢીને તેને ઉઠક-બેઠક કરાવવામાં આવે છે તેવો આ રજૂવાતોમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ આ બધા કૃત્યોને માનવ અધિકાર વિરુધ્ધના કૃત્યો ગણાવી આવા કૃત્યોનો રજૂવાતોમાં વિરોધ કરાયો છે.તેમજ આવા કૃત્યો કરનારાઓની બદલી કરી નાખવાની માંગણી કરવામાં આવી છે અને જો તેમ નહી કરવામાં આવે તો જેલના દરવાજા પાસે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી છે.

# પોરબંદરના રતનપર ગામે ૧૨૦ વર્ષની ઉંમરના દંપતીના સુખમય જીવનની એક ઝલક.....



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

મનની શાંતિ અને મહેનતવાળુ વ્યસન વિનાનું જીવન ૧૦૦ વર્ષથી પણ વધુનું આયુષ્ય અને એ પણ પાછું તંદુરસ્ત બક્ષે છે તેવા રતનપર ગામે રહેતા ૧૨૦ વર્ષના વૃદ્ધ અને તેમનાથી થોડાં નાનાં તેમનાં પત્નીએ ચરિતાર્થ સાબિત કરી છે. પોરબંદર જિલ્લાના રતનપર ગામે રહેતા ખીમાભાઇ ભીમાભાઇ ઓડેદરા તથા તેમના પત્ની સુમરીબેને આયુષ્યની સદી પુરી કરી છે. ખીમાભાઇ ૧૨૦ વર્ષે પણ ખૂબ જ તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે તો તેમનાથી થોડા નાના તેમના પત્ની પણ તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે. અભ્યાસ ન મેળવી શકનાર ખીમાભાઇ ૫૦ વર્ષ સુધી સરપંચ પદે રહી ગામમાં રોડ, રસ્તા, પાણી જેવી અનેક સગવડો આપી ચૂક્યા છે. ૨૫ વર્ષની ઉમરે ખીમાભાઇએ નવીબંદર ગામથી પોરબંદર સુધીનું ૨૦ માઇલનું અંતર દોડીને પૂર્ણ કર્યું હતું અને જિલ્લાના ૭૦૦ જેટલા સ્પર્ધકોને હરાવીને પ્રથમ સ્થાન મેળવ્યું હતુ. રજવાડાના વખતમાં યોજાતી કુસ્તી જેવી અનેક સ્પર્ધાઓમાં અવ્વલ રહેલા ખીમાભાઇના ૫ દીકરા અને ૩ દીકરીઓમાંથી ૫ દીકરા અને ૨ દીકરીઓ હયાત છે. અને તેઓ પણ નીરોગી જીવન જીવી રહ્યા છે. ખીમાભાઇએ સત્યાગ્રહની લડાઇમાં પણ ભાગ લીધો હતો. ખીમાભાઇએ જણાવ્યું હતું કે તેમના નીરોગી લાંબા આયુષ્યનું કારણ એ છે કે ક્યારેય હોટલનું પાણી સુધા પીધુ નથી, ઘરનું ખાવાના આગ્રહી ખીમાભાઇને બહારગામ જવાનું થાય તો ફળ ખાઇને દિવસો પસાર કરે છે પણ હોટલમાં જમતા નથી. તે ઉપરાંત તેમના વાણી-વર્તન અને વિચાર એવા છે કે તેઓ ક્યારેય કોઇ ચિંતાનો ભોગ બન્યા નથી. અને ખૂબ જ સંતોષી હોવાને લીધે તેઓ લાંબુ આયુષ્ય ભોગવી રહ્યા છે.

# પોરબંદરમાં ચૂંટણી અનુસંધાને જાહેરનામું

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

ગુજરાત રાજ્યમાં તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી – ૨૦૨૧ અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ઉમેદવારો, રાજકીય પક્ષોના કાર્યકરો, દ્રારા ચૂંટણી પ્રચાર અભિયાન કરવામાં આવે છે જે અન્વયે ઉમેદવારો અથવા તેના કાર્યકરો દ્રારા સાર્વજનિક અને ખાનગી મકાન માલીકીની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલો ઉપર ચૂંટણીલક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને પ્રસિધ્ધિની નિશાની કરીને વિગેરે દ્રારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ લગાડવામાં આવે છે. આ માટે આદર્શ આચાર સહિંતા અને તે અંગેના અમલ માટે સુચના થઇ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લગાવવા, નોટીશો ચોટાડવી, સુત્રો લખવા, વિગરે માટે પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઇપણ વ્યક્તિનો કે સાર્વજનીક જાહેર માલિકીની જમીન, મકાન, કમ્પાઉડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી તેવી જોગવાઇ કરવામાં આવેલ છે, સબબ આચાર સહિંતાની ચુસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વજનીક માલ મિલકતને થતી હાની, નુકશાન, બગાડ થતો અટકાવવા તથા તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર જુથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિને વિપરીત સંજોગો નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી જણાતા એ.જે.અસારી, જી.એ.એસ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કુતિયાણા દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે. કોઇપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકરોએ સંબંધિત ખાનગી, સાર્વજનીક જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલોના માલિકની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય આવી જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલ ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને લખીને, નિશાનીઓ ચીતરીને દિવાલો બગાડવી નહી તેમજ ધ્વજ દંડ ઉભા કરવા નહી તે માટે મનાઇ ફરમાવું છુ, તેમજ આ હુકમનો ભંગ કર્યેની ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ કસુરવાન સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા.૨૦૦/- બસ્સો પુરા દંડ અથવા બન્ને થઇ શકે છે. આ હુકમ કુતિયાણા સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારના હુકમની તારીખથી તા.૦૫/૦૩/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

# ઈજાજ લાકડાવાળાની ફરી ધરપકડ કરતી થાણે પોલિસ

## ૨૦૨૦મા ધરપકડ થયા પહેલા ઇજાજ કેનેડા, મલેશિયા,યુએસ અને નેપાલમા રહેતો



ચક્રવાત ટીમ મુંબઈ ૯

થાણે પોલિસની એન્ટી એક્સ્ટ્રોકશન સેલ (એઈસી) દ્વારા આજે ગેંગસ્ટર ઈજાજ લાકડાવાળાની ફરી નવા કેસમા ધરપકડ કરવામા આવી છે. ઈજાજ લાકડાવાળા એક વખત અંડરવર્લ્ડ ડોન દાઉન ઈબ્રાહિમ માટે કામ કરતો હતો.તેને થાણે પોલિસે આજે (મંગળવારે) કસ્ટડીમા ફરી લીધો છે. એન્ટી એક્સટ્રોકશન સેલ દ્વારા ઈજાજ લાકડાવાળા દ્વારા એક દૂધના વેપારી પાસેથી બે કરોડ રૂપિયાની ખંડણી માગવાના કેસમા તેને કસ્ટડીમા લીધો છે.હાલમા ગેંગસ્ટર ઈજાજ લાકડાવાળા કલ્યાણની જેલમા હોવાથી ત્યાંથી તેની પોલિસે કસ્ટડી લીધી છે.જાન્યુઆરી ૨૦૨૦મા લાકડાવાળાની ધરપકડ પટના થી મુંબઈ પોલિસની એકસ્ટ્રોક્શન સેલ દ્વારા કરવામા આવી હતી. દાઉડની ગેંગમા કામ કરતી વખતે અનેક એક્સ્ટ્ર્કશન, હત્યાના પ્રયાસ તેમજ મામારીના કેસમા તે ફરાર હતો,તે દેશ છોડી કેટલાય વર્ષો સુધી ફરાર થઈ ગયો હતો ૨૦૨૦મા ધરપકડ થયા પહેલા ઈજાજ કેનેડા, મલેશિયા,યુએસ અને નેપાલમા રહેતો હતો. કેનિડિયન પોલિસ દ્વારા ૨૦૦૪મા તેની ધરપકડ કરવામા આવી હતી.પરંતુ તે ત્યાંરી છટકવામા સફળ થયો હતો. તેમજ ગેંગસ્ટર છોટા રાજને તેના પર બેંગકોકમા ૨૦૧૨મા હુમલો કર્યો હતો, પરંતુ તે બચી ગયો હતો.

# કેશોદ પ્રેસ કલબ દ્વારા શ્રીવાસ્તવની તોછડાઈ સામે નાયબ કલેકટરને આવેદન



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૯

તાજેતરમાં વાઘોડીયામાં ધારાસભ્યએ રીપોર્ટરને જાહેરમાં ધમકી આપવાના વિરોધમાં તમામ તાલુકામાં જીલ્લાઓમાં રીપોર્ટરોમાં રોષની લાગણી જોવા મળી રહીછે જેના ઘેરા પ્રત્યાઘાત રૂપે કેશોદ પ્રેસ કલબનાં હોદેદારો સાથે તાલુકાભરના રીપોર્ટરોની ઉપસ્થિતિમાં નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું જેમાં જણાવેલ હતું કે ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલા વાઘોડીયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ દ્વારા પોતાના પુત્ર દિપક શ્રીવાસ્તવને ત્રણ સંતાનો હોવા છતાં ઉમેદવારી કરતાં ઉભા થયેલાં વિવાદને કારણે મીડીયા કર્મી અમીત ઠાકોરે પ્રશ્ન પુછતાં ધારાસભ્યના હોદાનું ભાન ભુલી ગુંડા ગર્દી પર ઉતરી આવી ઉશ્કેરાયેલા મધુ શ્રીવાસ્તવે મીડિયા કર્મીને જાહેરમાં ધમકી આપતાં કેશોદ પ્રેસ કલબ દ્વારા તેનો સખ્ત શબ્દોમાં વખોડી વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક અને સક્રીય સભ્યપદેથી દુર કરવામાં આવે તેવી માંગણી સાથે મુખ્યમંત્રી તથા ભારતીય જનતા પાર્ટી પ્રદેશ પ્રમુખને સંબોધીને કેશોદ પ્રેસ પ્રમુખ ગોવિંદ હડિયા ઉપ પ્રમુખ ચેતન (સી. કે.) પરમાર મંત્રી જય વિરાણી પ્રવિણભાઈ કરંગીયા રાજેશભાઈ પંડ્યા જગદીશ યાદવ કમલેશ જોષી અશોકભાઈ રેણુંકા સહિતના કેશોદ પ્રેસ કલબનાં હોદેદારો તથા દિનેશ મહિડા નરેશ રાવલીયા અનિરુદ્ધ બાબરીયા શોભના બાલસ સહીતના રીપોર્ટરોની ઉપસ્થિતિમાં ડે. કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

# મહીસાગરમાંથી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ચક્રવાત ટીમ વડીયા, તા.૦૯

એલ.સી.બી પોલીસ ઈન્સ.. વી.ડી.ધોરડાને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ સંતરામપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૨૧૧/૨૦૨૦ IPC ૩૭૯ મુજબના કામનો આરોપી મનજીભાઈ ભુરાભાઈ ખરાડી રહે. ઉખરેલી તા.સંતરામપુર જી.મહીસાગર નાનો ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રણીયાપુરા ગામે ખેત મજુરી કરે છે તેવી બાતમી હકિકત આધારે એલ. સી.બી સ્ટાફના માણસોની ટીમ બનાવી ઉપરોક્ત બાતમીવાળી જગ્યાએ જવા માટે રવાના કરેલ અને સદર જગ્યાએ જઈ તપાસ કરતા આ કામના આરોપી મનજીભાઈ ભુરાભાઈ ખરાડી બાતમીવાળી જગ્યાએથી મળી આવેલ જેથી આ બાબતે માણસા પો સ્ટે જાણ કરી સદર આરોપીને હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે સંતરામપુર પો.સ્ટે સોપવામા આવેલ છે. આમ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ દરમ્યાન એલ.સી.બી મહીસાગરને વધુ એક નાસતા ફરતા આરોપીને પકડવામાં સફળતા મળેલ છે. આ કામગીરી મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ. શ્રી.વી.ડી.ધોરડા તથા આ.એ.એસ.આઈ.અમરસિંહ માનસિંહ તથા અ.હેડ.કોન્સ રાજેશભાઈ કોદરભાઈ તથા અ.હે.કો વિનોદકુમાર દેવજીભાઈ તથા ડ્રા.પો.કો ગૌરવસીંહ નવલસિંહ દ્વારા કરવામાં આવેલ છે.

તંત્રીસ્થાનેથી......

# ભાજપ છાપ સુધારવા ટિકિટ મામલે 'નો-રિપીટ' નીતિ લાવ્યો છે?

ગુજરાતમાં આગામી થોડા દિવસોમાં સ્થાનિકસ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ગુજરાતના બે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કૉંગ્રેસમાં આગામી ચૂંટણીમાં નસીબ અજમાવવા માટે ટિકિટ મેળવવા માટેની ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. ટિકિટ મેળવવા માટે ભલામણોના વરસાદ અને ગળાકાપ હરિફાઈ વચ્ચે ગુજરાત ભાજપ દ્વારા આગામી સ્થાનિકસ્વરાજ્યની ચૂંટણીમાં ત્રણ ટર્મથી પક્ષની ટિકિટ મેળવીને ચૂંટાઈ આવતા, ૬૦- વર્ષથી વધુ વયના અને ચૂંટાયેલા પ્રતિનિધિનાં સગાંને ટિકિટ ન ફાળવવાની નીતિ અપનાવાઈ છે. ગુજરાત ભાજપ દ્વારા જાહેર કરાયેલા આ નવા નિયમોએ ગુજરાતના રાજકીય પ્રવાહોમાં નવી ચર્ચા જગાવી છે. રાજકીય પંડિતોના મતે આ નીતિ ઘડવા પાછળનું મુખ્ય કારણ ભાજપ પોતાની જૂની છાપને ફરી ઉપસાવવા માગે છે એ છે. ૧૯૯૫માં ભાજપ પહેલીવાર સત્તા પર આવ્યો ત્યારે તેણે એવી છાપ ઊભી કરી હતી કે તે કૉંગ્રેસથી અલગ છે. અહીં વંશવાદ નથી, ભ્રષ્ટાચાર નથી, નવા વિચારોને અવકાશ છે, પરંતુ સમય જતા આ બદલાઈ ગયું છે. ભાજપ કૉંગ્રેસમુક્ત થવાને બદલે કૉંગ્રેસમય થવા લાગ્યો છે. ત્યારે આ મિનિ વિધાનસભા જેવી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં છાપ બદલવી જરૂરી છે.



**યાકુબ બાદી**
**તંત્રી**

એટલે જ ભાજપે ત્રણ ટર્મથી વધારે ચૂંટણી લડેલા લોકોને ટિકિટ નહીં અપાય અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ટિકિટ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. વિધાનસભામાં ૯૯ પર અટક્યા પછી ત્રણ વર્ષમાં કૉંગ્રેસમાંથી ભાજપમાં આવેલા લોકોની સંખ્યા વધારે છે. આ સંજોગોમાં પાર્ટીનું પ્રમુખપદ સાંભળ્યા પછી સી. આર. પાટીલ બોલ્યા હતા કે નવા કૉંગ્રેસી નહીં આવે, પણ કૉંગ્રેસ તોડવાનો સિલસિલો ચાલુ જ રહ્યો. આ સંજોગોમાં એમનો આ નિર્ણય કેટલો અસરકારક રહેશે એ એક સવાલ છે. ભાજપ કૉંગ્રેસની ટીકા કરે છે પણ વંશવાદમાં એ પણ માને જ છે. ગુજરાત પૂરતી વાત કરીએ તો ગુજરાતના હિતુ કનોડિયા, ભૂષણ ભટ્ટથી માંડીને ઘણા એવા ધારાસભ્યો છે કે જેઓ દીકરાઓને બાપનો વારસો મળ્યો હોવાના પુરાવા છે. પક્ષમાં વંશવાદને જાકારો આપવામાં ભાજપ સફળ રહેશે કે નિષ્ફળ તે આગામી ચૂંટણી બાદ જાહેર થશે. હાલ ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જે નવી રણનીતિ લાવી છે તે કેટલી હદે સફળ રહેશે તેનો સંપૂર્ણ મદાર પક્ષના જુના જોગી પર રહેશે, કારણે કે જો આ જુના જોગી ટિકીટ ફાળવણીથી નારાજ થઈ પક્ષ વિરોધી કામગીરી કરશે તો તેનાથી ભાજપને ભારે નુકસાન થશે અને જો આ નારાજગીને ડામવામાં ભાજપનું મોવડી મંડળ સફળ થશે તો પક્ષમાં સ્વરાજ્યની ચૂંટણીઓમાં જીત સાથોસાથ નવા ઉમંગ અને ઉત્સાહ સાથે જોશ નું વાતાવરણ ઉભું થશે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

### ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

# 'Krossing ગર્લ'

**રવિ વિરપરીયા**

## પ્રકરણ ૬૧

"પછી... પછી... એ જ કે પુરુષનો અહમ ઘવાય એટલે એને કશાની ભાન રહેતી નથી. પછી તે ભલે ને ગમે તેટલો મોટો ચિત્રકાર કેમ ના હોય." મીરા પણ રાહુલ કરતાં ઉંચા અવાજે તેની આંખોમાં આંખો પરોવીને બોલી.

"કટ...કટ..કટ... ગુડ વર્ક... એક્સિલન્ટ બોથ ઓફ ડન ગુડ જોબ. આઈ પ્રાઉડ ઓફ યુ."આખા ક્લાસે બંને માટે તાળીઓ પાડી.

મેં તમને બે જ શબ્દો કીધા હતા, સ્થિરતા અને સહજતા. તમે જોયું રાહુલ સખત ડિપ્રેશનમાં હતો. તેને એક તાજા હાર્ટબ્રેક થયેલાં છોકરાનો રોલ બખૂબી નિભાવી જાણ્યો. આ માટે રાહુલને અભિનંદન આપીએ એટલાં ઓછા છે. બીજી બાજુ મીરા એક સ્વસ્થ અને શાંત છોકરી હતી. જે રીતે એ રાહુલને જજ કરી સંવાદ કરી રહી હતી એ જોતાં લાગે છે કે મીરા ભવિષ્યમાં સારી અભિનેત્રી બની શકે છે.

સિચ્યુએશન પ્રમાણે બંને વચ્ચે વાતચીત શરૂ થઈ. રાહુલ હજુપણ બ્રેકઅપના માનસિક આઘાતમાંથી બહાર નહોતો આવ્યો. આઈ થિંક મીરાનું વાંચન અને અવલોકન ખૂબ જ સારું હશે. નહીં તો તેની પાસે આ લેવલના શબ્દો અને કોન્ફિડન્સ ના હોય. બે વ્યક્તિ વચ્ચે થતો સંવાદ તમને ઘણું શીખવી જાય છે, જો તમને શીખવાની ધગશ હોય તો.

લાઈફમાં મુસીબત આવે ત્યારે ગભરાઈ જાવ એ નેચરલ છે પરંતુ નાસીપાસ ના થવું. તમે ઑલમોસ્ટ અડધી બાજી હારી ગયેલા હોવ છો. જો આવા સમયે ઉપરાઉપરી બીજો આઘાત લાગ્યો તો તમને ફરીવાર નોર્મલ થતાં બહુ વાર લાગશે. કોઈ પણ મુસીબતનો ડરી જવાથી ક્યારેય ઉકેલ નહીં આવે. તમે એનો સામનો કરશો તો સફળતા મળવાની શક્યતા છે.

લાઈફની સૌથી ખરાબ મોમેન્ટ્સમાં તમારી જાતને સ્વસ્થ અને સ્થિર રાખી શકશો તો દુનિયામાં કોઈ કામ અશક્ય નથી. આ વિશે આપણે નેક્સ્ટ ટાઈમ ડીટેઈલમાં વાતો કરીશું. અત્યારે ક્લાસ પૂરો થવામાં છે. ફરીથી મીરા અને રાહુલ માટે એક વાર જોરદાર તાળીઓ થઈ જાય.. ફરીથી આખા ક્લાસે બંનેને તાળીઓથી વધાવી લીધા.

★ ★ ★ ★ ★

હું સાગરને તેના બર્થ ડે ની સરપ્રાઈઝ આપવા માટે સુપર એક્સાઈટેડ હતો. પરંતુ, બર્થ ડેના નજીકના દિવસોમાં એ ક્યાંય બહાર ના ગયો. આથી હું પ્રિપેરેશન કરી શકું તેમ નહોતો. મેં ફ્રીડમ બૉક્સ અને ગ્રાન્ડ હ્રુસ વિશે પણ વિચાર્યું. ત્યાં આ સરપ્રાઈઝ છુપી રહી શકે તેમ નહોતી. આખરે માંડી વાળ્યું.

અમારી ૧૧ સાયન્સની ફાઈનલ એક્ઝામ લેવાઈ ગઈ હતી. અમને દસ દિવસનું નાનકડું વેકેશન મળ્યું હતું. હું સાગરનો બર્થ ડે સેલિબ્રેટ કરીને ઘરે જવાના મૂડમાં હતો. રાત્રિના ૧૨ વાગવા આવ્યા હતા. હું લપાતો-છુપાતો સાગરના રૂમમાં ગયો. તે રૂમની અંદર નહોતો. મેં તેને શોધવાના બહાને 'મૅજિક રૂમ' નો દરવાજો ખોલવાની ટ્રાય કરી. હું મથી રહ્યો હતો.

"એ તારાથી નહીં ખૂલે. તું હજુ એ માટે લાયક નથી બન્યો. રહેવા દે. હું અહીંયાં ગેલેરીમાં છું." તેનો અવાજ આવ્યો.

મારી ચોરી પકડાઈ ગઈ હતી. હું ગુનો કબૂલવાને બદલે "હેપ્પી બર્થડે" બોલતો તેની સામે હાજર થયો.

"બર્થડે મારો છે એની મને કંઈ પડી નથી, અને તું આટલો બધો એક્સાઈટેડ શા માટે છે ?"

"સાગર, બર્થ ડે વરસમાં એક જ વાર આવે છે. સેલિબ્રેશન તો કરવું પડે ને. તું મારા બ્રેકઅપ ડેનું સરપ્રાઈઝ સેલિબ્રેશનથી ગોઠવતો હોય તો મને પણ મન થાય ને. આખરે બે - ચાર વ્યક્તિ સિવાય આ શહેરમાં મારું અંગત કહેવાય એવું છે કોણ ?" મેં કહ્યું.

"આપણી લાઈફની સૌથી મહત્વની બે ઘટનાનું આપણે ક્યારેય સેલિબ્રેશન નથી કરી કરતાં. જન્મ અને મૃત્યુ. એ બંને માટે બીજાનો સહારો લેવો પડે છે. એન્ડ બ્રૉકઅપ. કોઈનું પણ ફર્સ્ટ બ્રૅકઅપ લાઈફમાં એક વાર જ થાય. એન્ડ એ લાઈફે તમને શીખવાડેલો સહુથી મોટો લેશન હોય. કશુંક અચિવ કરો કે શીખો એની શાનદાર ઉજવણી જરૂર કરવી. જ્યારે બર્થડે તો દર વર્ષે આવે. જરૂરી નથી કે આપણે સેલિબ્રેશન કરવાના જ મૂડમાં હોય, ઘણીવાર એ ઉજવવા માટે ચોક્કસ કારણો ના પણ હોય. અંદરથી ઉમળકો ના હોય તો પરાણે ના ઉજવાય." તે બોલ્યો.

"બ્ર ધ ર, હું તારી જેમ બહુ જાણતો નથી કે બહુ વિચારતો નથી. મારી પાસે જે તક અને હાજર શકયતા હોય એમાં ખુશ રહેવા માગું છું. અત્યારે તું મારી સૌથી વધુ નજીક છે. ક્યારેક મારું મન હોય તો મારું પણ માન રાખતાં શીખવું પડે. ચાલને, તને આઈસ્ક્રીમ બહુ ભાવે છે. આપણે તે ખાવા જઈએ." મેં કહ્યું.

કદાચ તેને પોતાની ભૂલ સમજાઈ હશે. તે થોડી વાર મારી સામે જોઈ રહ્યો. તે કહે, "ચાલ, આજે તને ના નહીં પાડું."

અમે બંને ચાલીને વાતો કરતાં 'કાકાની કીટલી' એ પહોંચ્યા. મેં આઈસ્ક્રીમ સાથે કેક પણ લીધી. ઉત્સાહથી કેકનો ટુકડો તેના મોંમાં મૂકવા ગયો. તેણે અટકાવ્યો.

"હું મારો બર્થ ડે સેલિબ્રેટ નથી કરતો. મારી મા મને જન્મ દેતાં વેંત જ મરી ગઈ હતી. એવું મને વર્ષો પછી મારા મમ્મીની સાવ નજીક રહેલી વ્યકતીએ અનામી પત્ર મોકલી કહેલું." મારો હાથ ત્યાં જ અટકી ગયો. સાગરની વાત સાંભળી હું સ્તબ્ધ બની ગયો. તો સાગરના ઉજવણી ના કરવા પાછળ આ કારણ હશે ? "સૉરી, મને આ વાતની ખબર નહોતી."

તે બોલ્યો, "હું સેલિબ્રેટ નથી કરતો પણ તું તો કરી શકે ને ?" તેણે ધરાર મારું મોં ખોલ્યું. એ કેકનો ટુકડો મને ખવડાવ્યો, પછી મારા હાથમાંથી આઈસ્ક્રીમ લઈને ખાવા લાગ્યો. બંને થોડીવાર મૌન રહ્યા. મેં વાત આગળ વધારતાં કહ્યું.

"મારો બર્થડે તો ચાર વર્ષે એક વાર આવે. મેં રાજકોટ આવ્યો તે વર્ષે સેલિબ્રેટ કરેલો. મારી બહેન ગીતાએ મને બહુ મોટી સરપ્રાઈઝ આપી હતી. એ મારો લાઈફનો સહુથી યાદગાર જન્મદિવસ રહેશે. ફર્સ્ટ ટાઈમનું સેલિબ્રેશન અને બધા અંગત મિત્રો સાથે હોય પછી શું જોઈએ..."

સાગર, તારા પપ્પા શું કરે છે ?" મારાથી પૂછાઈ ગયું.

મારી ભૂલ મને પાછળથી સમજાઈ, "સોરી યાર, તેં કશું પૂછવાની ના પાડી હતી, પણ મારાથી પૂછાઈ ગયું." મેં માફી માગતાં કહ્યું.

"આઈ ડોન્ટ નો. મારો બાપ કોણ હતો ? જે પણ હશે તેનાથી નીચ માણસ દુનિયામાં કોઈ નહીં હોય. એક અનાથ આશ્રમમાં ઉછરેલી છોકરી, તે સુપર ઈન્ટેલિજન્ટ કે પછી જીનિયસ કહેવાતી. તે ૧૦મા ધોરણમાં હતી ત્યારે તેની પાસે અમુક વિષયોમાં ર.ઢ.ના સ્ટુડન્ટ જેટલું નૉલેજ હતું. તેની બુદ્ધિના ચમકારા ઝાઝો સમય છુપા ના રહી શક્યા. તે ગવર્નમેન્ટના સ્પેશિયલ પ્રોજેક્ટ માટે માત્ર ૧૯ વર્ષની ઉંમરે પસંદ થયેલી. પ્રોજેક્ટ ભારતીય ઈતિહાસના ગૂઢ અને રહસ્યમય પ્રાચીન સ્થળોને લગતો હતો. જેમાંથી અમુક સ્થળો વિશે સામાન્ય પબ્લિક સાવ અજાણ હતી.

તે ૨૪ વર્ષની થઈ ત્યાં સુધીમાં ૧૧ ભાષાઓની જાણકાર બની ચૂકી હતી. અમુક સ્થળોના રહસ્યને તે અનાવૃત કરવાની સાવ નજીક પહોંચી ગઈ હતી. ત્યારે હિમાલયમાં અમુક જગ્યાએ સંશોધન માટે અમેરિકાએ ભારત સરકાર પાસે મારી મમ્મીની મદદ માગી હતી. સરકાર તેની સુરક્ષા અંગે બહુ ચિંતિત હતી. પહેલા તો મંજૂરી ના આપી,પછી કેટલીક શરતોને આધીન અને બીજા દબાણો સામે ઝૂકી જઈને મદદ માટે મોકલી. સરકારને આ પ્રોજેકટ સાથે સંકળાયેલા કેટલાંક લોકો પર ભરોસો નહોતો. તેથી ત્યાં પણ સુરક્ષા માટે માણસો ગોઠવેલા.

એક દિવસ બરફના ભયાનક તોફાને હિમાલયમાં કાળો કેર વર્તાવ્યો. તેમાં એ રીસર્ચ સેન્ટરના વિસ્તારમાં લગભગ તમામ લોકો માર્યા ગયેલા. પરંતુ ચાર પ્રોફેસર અને મારી મમ્મીની લાશ નહોતી મળી. સરકારે ઈમરજન્સી ધોરણે શોધખોળ આદરી, પરંતુ કશું હાથ ના લાગ્યું. સરકારને કશુંક અજુગતું બન્યાની ગંધ આવી ગઈ. આ ગુપ્ત રહે ચાલતાં પ્રોજેકટ હતાં. તેમણે મારી મમ્મીને શોધવા શક્ય તેટલાં પ્રયત્નો કર્યા. પણ બધું વ્યર્થ સાબિત થયું. સરકારે 'ટોપ સિક્રેટ' ની ફાઈલમાં આ ઘટનાને હંમેશાં માટે કેદ કરી દીધી.

બે વર્ષ પછી આંદામાનના એક ટાપુ પર વિકૃત શરીર સાથે હું મળી આવ્યો. ડી.એન.એ રીપોર્ટથી એ લાશ મારી મમ્મીની હતી એ કન્ફર્મ થયેલું. હું તેમનું સંતાન હતું એ પણ સત્ય હતું. મમ્મીની ડિલિવરી દરિયાની વચ્ચે કોઈ જહાજમાં થઈ હતી. ઈન્ડિયન નેવીએ મારી મમ્મીની લાશ મળ્યાની કલાકોમાં યુદ્ધના ધોરણે શોધખોળ માટે અભિયાન આદરેલું. બસ એટલી માહિતી મળી શકી હતી. પછી આગળ શું થયું ? એ જહાજ કોનું હતું ? લાશ અને હું આંદામાન ક્યાંથી પહોંચ્યા ? મારો બાપ કોણ હતો ? એ વાત સરકારે ક્યારેય જાહેર ના કરી. કે પછી સરકારને પણ ખબર નહોતી... આઈ ડોન્ટ નો. પણ કશુંક તો એવું હતું જે ગુપ્ત રહે એવું સરકાર ઈચ્છતી હતી. પેલા ચાર પ્રોફેસરનો આજ દિન સુધી પત્તો નથી. મારા પર એક વ્યક્તિનો નામ વગરનો પત્ર આવેલો. એ પત્ર પણ સાચો છે કે ફેક મને ખબર નથી. એટલું ચોક્કસ છે આ બધી વાતો સાવ ખોટી તો નહીં હોય. મારી માનું નામ હતું. 'વિદ્યામોહન રાવ.'

હું એક આંચકો ખાઈ ગયો. આ વિગતો સાંભળી મારું મગજ બહેર મારી ગયું હતું.

"સાગર, આ બધી વિગતો 'ટોપ સિક્રેટ' હોવા છતાં તારા સુધી કઈ રીતે પહોંચી ? તું રાજકોટ સુધી કંઈ રીતે પહોંચ્યો ?" હું પૂછ્યા વગર ના રહી શક્યો.

"એ વિશે મારા નેક્સ્ટ બર્થ ડે પર વાત કરીશું, હું જીવતો હોઈશ તો. નહીંતર એ રહસ્ય ભલે મારી સાથે દફન થઈ જતું. ઈન્ડિયામાં ખરેખર જે 'ટોપ સિક્રેટ' છે તેના સુધી તમે ક્યારેય પહોંચી શકો તેમ નથી. જે ફક્ત કહેવા માટેનું 'ટોપ સિક્રેટ' છે તેમાં સિક્રેટ જેવું કશું હોતું નથી. ચાલ હવે ઘરે જઈએ. આ બર્થ ડે ને હંમેશાં માટે યાદગાર બનાવવા થોડા કામ કરવાના છે." તે બોલ્યો.

સાગરનો ભૂતકાળ આટલો રહસ્યમય હોય તો સાગરની જિંદગીની સફર કેવી હશે ? **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૦-૦૨-૨૦૨૧, બુધવાર, પોષ વદ-૧૪, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા**

**- શુભ ચોઘડીયા -**

૭-૨૩ થી લાભ-અમૃત-૧૦-૧૨ સુધી, ૧૧-૩૭ થી શુભ-૧૩-૦૧ સુધી, ૧૫-૫૧ થી ચલ-લાભ-૧૮-૪૦ સુધી, ૨૦-૧૫થી શુભ-અમૃત-ચલ ૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૭-૨૩ થી ૯-૧૫ સુધી,૧૦-૧૨ થી ૧૧-૦૮ સુધી,૧૩-૦૧ થી ૧૫-૫૧ સુધી,૧૬-૪૭ થી ૧૭-૪૩ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.):- તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ.

» વૃષભ(બ.વ.ઉ.):- વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં.

» મિથુન(ક.છ.ઘ.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

» કર્ક(ડ.હ.):- લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

» સિંહ(મ.ટ.):- એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે.

» કન્યા(પ.ઠ.ણ.):- મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો.

» તુલા(ર.ત.):- તમે નવરાશની લહેજત માણવાના છો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે.

» વૃશ્ચિક(ન.ય.):- તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો.

» ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે.

» મકર(ખ.જ.):- માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો.

» કુંભ(ગ.શ.સ.):- તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લડ પ્રેશરના દરદીઓ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા.

» મીન(દ.ચ.ઝ.):- જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો.

# શિક્ષણનો સત્યાનાશ (ભાગ-૧)

હકીકતે આવા પ્રકારના કેટલાય લોકો અત્યારે સમાજમા ફરી રહયા છે કે જેને કોઈ પ્રોપર દિશાસૂચન જ નથી. એમને ખરેખર શું કરવું છે અને એમના બાળકો પાસે શું કરાવવું છે એની સાચી સમજ જ નથી. બસ.. આર્થિક ઉપાર્જન થવું જોઈએ. એ જ એકમાત્ર ગોલ હોય છે. કદાચ આપણે પણ આવી જ પરિસ્થિતીમાંથી પસાર થયા હશું કે હાલ થતા હશું. કારણ માત્ર એટલું જ છે કે, આપણે માત્ર અક્ષરજ્ઞાન મેળવ્યું. આપણે ગોખણપટ્ટી કરીને સારા માર્કસ મેળવ્યા. પણ ખરા અર્થમા ઉપર જણાવ્યા મૂજબ કેળવણી નથી મેળવી. મેડિકલમા ભણેલો વિધાર્થી કે જે હાલ ડોકટર બની ગયો છે એ પણ અત્યારે બી.એ. પાસ વિધાર્થી સાથે એક જ કચેરીમા કારકૂન તરીકે ફરજ બજાવી રહયો છે. એન્જીનીયરિંગ કરેલો વિધાર્થી પણ હાલ ૧૨ પાસ વિધાર્થી સાથે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો જોવા મળે છે. આવા એક નહિ અનેક ઉદાહરણો હું તમને આપી શકું છું. અહિ પૂસ્તકમા હું કોઈના નામ નથી લખી શકતો. પણ છેલ્લા ૧૧ વર્ષોથી કેરિઅર કાઉન્સેલિંગ કરી રહયો હોવાથી ઘણો અનુભવ છે અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કેટલાય યુવાનોને તેમની કક્ષાથી ઉતરતી કક્ષાનું કામ કરતો જોઉ છું.



વર્ષો પહેલા આશ્રમશાળાઓ હતી. જેમા ગુરૂ તેમના શિષ્યોને વિવિધ વિધાભ્યાસ શીખવતા. શિષ્ય આશ્રમશાળામા રહેતા, આશ્રમના વિવિધ કામો કરતા, બાણવિધા અને ઘુડસવારી શિખતા, પ્રકૃતિ અને પશું-પંખીઓનું જ્ઞાન મેળવતા, યોગાભ્યાસ કરતા તેમજ વિવિધ ગ્રંથોનો અભ્યાસ કરતા. ત્યારબાદ તેમની તાલીમ પૂર્ણ થતા આશ્રમમાંથી ગુના આશિર્વાદ મેળવી ગુરૂદક્ષિણા આપીને પોતાના વતન પરત ફરતા અને મેળવેલ જ્ઞાનને અનુભવની એરણ ઉપર ચડાવતા. એ હતી ખરી કેળવણી. અત્યારે શું ચાલી રહ્યુ છે? ડોનેશન વગર એડમીશન મળતું નથી. ટેલેન્ટેડ શિક્ષકો ટેટ અને ટાટની પરીક્ષાઓ પાસ કરીને સરકારી શાળાઓમા જોડાઈ ગયા. બાકી વધ્યા એ બધા ખાનગી શાળાઓમા લાગ્યા છે. આ શાળાઓ પણ એમને ખાસ કઈ વળતર ચૂકવતી નથી.શોષણ જ કરે છે. કેટલીક શાળાઓ તો માત્ર મહિલા શિક્ષકોને જ કામ આપે છે જેથી તેઓ બહું મગજમારી કરે નહિ. હમણા હમણા તો એક નવી ફેશન શરૂ થઈ છે-'શાળામા જ ટયૂશન'. એટલે કે ખાનગી ટયૂશન કરાવતા ટયૂશનિયા શિક્ષકોની ટીમ આખી શાળાના ધોરણ ૧૦ કે ૧૨ ના વિધાર્થીઓને શાળામા જ ટયૂશન ભણાવે. શહેરોમા આ બાબત રજૂ કરતા મોટા મોટા હોર્ડિંગ્સ લગાવે. સમાચારપત્રોમા ચોપાનીયા નંખાવે. તેમ છત્તા શિક્ષણતંત્ર આવી શાળાઓ પર કોઈ જ પગલા નથી લેતી. જબરૂ હો બાકી.



**ચિંતન વૈષ્ણવ**
**'જાગતે રહો'**

સરકારી શાળામા કેટલાય શિક્ષકો માત્ર પગાર મેળવે છે, પણ ભણાવવા જતા નથી. કેટલાક પોતાનો બીજો કોઈ ધંધો કરે છે તો કેટલાક રાજકારણની પ્રવૃત્તિઓ સાથે જોડાય જાય છે. અમુક શિક્ષકો જે ખરા અર્થમા કેળવણી આપવાના હેતુંથી આ વ્યવસાયમા આવ્યા છે એમને સરકારી તંત્ર મતદારયાદી, વસતિગણતરી, શૌચાલયો ગણવા, તિડ ભગાડવા જેવી કામગીરીઓમા લગાડી દે છે. આથી વિધાભ્યાસ કરાવવાને બદલે પોતાની નોકરી બચાવવાના ડરથી તેઓ આવા કામોમા લાગી જાય છે. ગાંધીનગર બેઠેલા ચાર ચોપડી ભણેલા નેતાને મન આ શિક્ષકોનું કોઈ ખાસ મહત્વ હોતું નથી. શું તમને નથી લાગતું કે, પી.એચ.ડી. કે ડી.લીટ. જેવી ઉચ્ચ લાયકાત ધરાવતા ઉમેદવાર આપણા શિક્ષણમંત્રી તરીકે હોવા જોઈએ? મારા પોતાના સહિત શહેરી વિસ્તારના લગભગ વાલીઓ પોતાના બાળકોને સારી સગવડતાઓ ધરાવતી ખાનગી શાળામા એડમીશન અપાવીએ છીએ. જયા આપણા બાળકોને શ્રેષ્ઠ મેનેજમેન્ટમા ભણવા મળે છે. કેટલીક સંસ્થાઓ હવે ઈત્તર પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન આપે છે પરંતું અહિ આપણને શ્રેષ્ઠ અને વિષય નિષ્ણાંત શિક્ષકો મળતા નથી. જયારે કેટલીયે સરકારી શાળાઓની જર્જરીત ઈમારતો જોઈને જ આપણા બાળકને ત્યા ભણવા મોકલવાની ઈચ્છાઓ થતી નથી.

ઘણા એવું કહેતા હોય છે કે, સરકારી કર્મચારીઓએ એમના બાળકોને ફરજીયાત સરકારી સ્કુલોમા જ ભણાવવા જોઈએ. ચલો એક વખત એવું માની પણ લઈએ કે, સરકારી નોકરિયાતોએ એમના બાળકોને સરકારી શાળામા એડમીશન અપાવ્યું. પણ એવું કહેવાય છે કે, જેવો સંગ એવો રંગ. સરકારી શાળાઓમા અભ્યાસ કરતા મોટા ભાગના વિધાર્થીઓ એ સામાન્ય પરિવારમાંથી આવતા હોય છે. કેટલાકના વાલીઓ મજૂરી તે કેટલાકના વાલીઓ ફેરીનું કામ કરતા હોય છે. દરેકના ઘરનું વાતાવરણ અને ઉછેર જૂદો-જૂદો હોય છે. આ બધા પરિવારના બાળકો એકી સાથે અભ્યાસ કરી શકે તેવું શકય નથી હોતું. અને સરકારી અધિકારીના બાળકો સરકારી શાળામા ભણે તો, શાળાઓનો ઉધ્ધાર થઈ જાય એવું હકીકતમા નથી બનતું. જો વાલીઓ દર પાંચ વર્ષ મતદાન કરવામા ધ્યાન આપે અને સારી સરકાર અને ખાસ તો કેળવણી મેળવેલા આગેવાનો ચૂંટીને સરકારમા મોકલે અને એ પૈકી કોઈ શિક્ષણપ્રેમી અને ખરા અર્થમા શિક્ષિત માણસ નેતા તરીકે ફરજનિષ્ઠ થાય તો અને તો જ આપણી સરકારી શાળાઓનું લેવલ સુધરે. માત્ર ટેટ અને ટાટ ભરતી પરીક્ષાઓ લેવાથી કે, નવા બિલ્ડીંગો બાંધવાથી શિક્ષણનું સ્તર નહિ સુધરે. ખરા અર્થમા શાળાઓમા વિધાર્થીને 'કેળવણી' ના પાઠ ભણાવવા પડશે. શિક્ષકોને માત્ર એમનું મૂળ કામ જ કરવા દેવું પડશે. **(ક્રમશઃ)**

# સ્વાર્થની દુનિયા

૨૦ મી સદીથી સૌથી વધુ સાંભળવા મળતો શબ્દ એટલે સ્વાર્થ, ઘણી વખત આપણે બધાએ અન્ય વ્યક્તિ સ્વાર્થી છે એવું વિચાર્યું હશે ને ક્યારેક સ્વાર્થી બન્યા પણ હોઈશું. સ્વાર્થ એટલે શું ? આપણે લોકો જેને સ્વાર્થ માનીએ છે તે એટલે કે , જ્યારે પોતાના ફાયદાની વાત આવે ત્યારે આપણને ભૂલી જાય અથવા કોઈ હંમેશા પોતાના જ ફાયદાની વાત લઈને બેઠા હોય તેને આપણે સ્વાર્થી કહીએ છીએ. ઘણા કિસ્સાઓમાં કોઈ અન્ય વ્યક્તિ આપણી કોઈ બાબત પર ધ્યાન ન આપે કામથી જ આપણને બોલાવે આવી બધી ક્રિયાઓને પણ સ્વાર્થથી જ ઓળખવામાં આવે છે.

તો શું તમે એવું ઈચ્છો છો કે કોઈ વ્યક્તિ પોતાનું બધું એટેન્શન સતત તમને જ આપે, પોતાનો અંગત લાભ પણ તમારી સાથે જ શેર કરે! દરેકને પોતાની પર્સનલ લાઈફ હોય છે. સારું સારું બધું આપણું બીજાને ઠેંગો એમ ? અને જો કોઈ કામ પૂરતી જ વાત કરે છે તો એ સ્વાર્થી ! એટલે તો હવેથી આપણે બધાએ જરૂર ન હોય તોપણ ડેરીએ કે કરિયાણાની દુકાને જઈને ઉભા રહેવાનું ને કામ વગર જ ડોક્ટર કે કોઈ પ્રોફેશનલને ફોન કરવાનો ! કેમ ? કેમ કે કામ પડશે ત્યારે લોકો આપણને સ્વાર્થી ન સમજે.

ક્યારેય સાંભળ્યું છે કે, એકદમ હટ્ટીકટ્ટી વ્યક્તિ ઑફિસેથી છૂટીને ઘરે જવાને બદલે દવાખાને ગઈ હોય કેમ ? ખાલી આંટો મારવા.. કે ડોક્ટરને એમ ન થાય ને કે હું જરૂર પડે ત્યારે જ આવું છું એટલે સામાન્ય સંજોગોમાં આવું ક્યારેય બનતું હોતું નથી. અને જો ખરેખર કોઈ પોતાને સ્વાર્થી ન માનતુ હોય તે બધા લોકો જેની જરૂર નથી તેને પણ સાચવતા જ હશે ને તો આ બધા લોકોના ઘરે વર્ષો જૂનો કચરો પણ સંગ્રહાયેલો હોવો જોઈએ કેમ કે જે લોકો સ્વાર્થી નથી તે બધા ગીફ્ટનું કવર ખોલીને બોક્સમાંથી ગિફ્ટની સાથે બોક્સ અને કવર પણ સાચવતા હોવા જોઈએ ને ! કેમ કે બોક્સ અને કવરની હવે જરૂર નથી તો એને ફેંકવાનું શું કરવા એને પણ સાચવો નહિતર આપણે સ્વાર્થી કહેવાઈએ ને !



**શાહ ધ્વનિ**
**ધ્વનિના સથવારે**

જો આપણે કામ વગર આવું કઈ નથી કરતા તો બીજા લોકો પોતાને કામ પડે ત્યારે જ આપણો સંપર્ક કરે એમાં આપણને આટલો વાંધો કેમ છે અને એમાં ખોટું શું છે? ; આ જ દુનિયાની રીત છે. માણી લો કે કોઈ ઝાડ પર સરસ મજાનું ફૂલ હોય જેનો ઉપયોગ મંદિરમાં ચઢાવવા માટે થતો હોય એ જ ફૂલ જો જીદ કરીને પોતાના છોડરૂપી પરિવારને છોડે જ નહિ તો એક દિવસ કરમાઈને આપમેળે જ છોડમાંથી પડી જાય. જ્યારે કોઈ જગ્યાએથી આપણું કામ પૂરું થઈ જાય ત્યારે ત્યાંથી સ્વેચ્છાએ નીકળી જ જવું જોઈએ નહિતર ફુલ જેમ કરમાઇને પડ્યું તેમ આપણે પણ બીજી કોઈ રીતે ત્યાંથી નીકળી જઈએ તેવા સંજોગો બને અથવા તો ત્યાં રહેવું અર્થસભર ન રહે. અહીંયા ફૂલનું નીકળવું સ્વાર્થ ન કહેવાય કે છોડે એને મોટો કર્યો ને હવે પોતે પરિપક્વ બન્યું તો એ નીકળી ગયું. સ્વાર્થની ભાષામાં કહીએ તો એનું કામ પત્યું ને નીકળી ગયા.

કોઈ ખાસ હેતુ વગર કોઈને તમે શું કરવા બોલાવશો ? અને કંઇ કામ વગર મળીને કે વાત કરીને એ સમયમાં કરશો શું ? કંઇક હેતુપૂર્વકનું આયોજન હોય તો ઠીક છે ચાલો અને આ જ હેતુપૂર્વકની દરેક કામગીરીને આપણે સ્વાર્થ તરીકે ઓળખીએ છે જેને ખરી નજરે જુઓ તો સ્વાર્થ નહિ પણ કુદરતની રીતભાત છે જેનું હોવું જરૂરી પણ છે નહિતર જનજીવન ખોરવાઈ જાય તેવું પણ બની શકે. કામ કે હેતુ વગરની લેવડ દેવડ ક્ષણભર જ સારી લાગે બાકી પછી જાકારો થાય ને નડતરરૂપ બને. કામ અથવા જરૂર વગર કોઈ આપણને બોલાવે તો આપણને પણ તેનાથી ઈરિટેશન થાય. આપણને પણ કામ વગર કોઈ બોલાવે તે બહુ પોસાતું નથી હોતું.

# વેરાવળ તાલુકામાં ABPSSના સંગઠનની રચના કરાઈ

ચક્રવાત ટીમ, તા.૦૯

અખીલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતી એ ભારતના પત્રકારોનુ સૌથી મોટુ અને રજીસ્ટ્રેશન થયેલ પત્રકાર સંગઠન છે જેમનુ રજીસ્ટ્રેશન દિલ્હીથી થયેલ છે. જેમા આજરોજ ગીર સોમનાથ જીલ્લા, દીવના પ્રભારી દિપકભાઈ કકકડ, જીલ્લા પ્રમુખ મિતેષભાઈ પરમારની અધ્યક્ષ સ્થાને સોમનાથના સાનિધ્યમા વેરાવળ તાલુકા પત્રકાર સંઘની રચના કરવામા આવી હતી. જેમા ઉપસ્થિત પત્રકારોમા દિપકભાઈ કકકડ, મિતેષ પરમાર, અતુલભાઈ કોટેચા, ડો. એમ.એ.બાનવા, વિજયભાઈ જોટવા, તુલસીભાઈ કારીયા, હિતેન્દ્ર સિહ જાડેજા, જયેશભાઈ પરમાર, વિશાલ તંબોલી, મિનાક્ષીબેન ભાસ્કરભાઈ વૈધ, પ્રદીપ બાપુ નિમ્બાર્કં, યોગેશ સતીકુવર, મહેન્દ્ર ટાંક, નાનજીભાઈ ચાવડા, કિરીટ વસંત, તુલસીભાઈ ચાવડા , મિતાબેન લુકકા, અંકિત કોટેચા, પરાગ સંગતાણી, ઈસાકાણી મહંમદ, સંજયભાઈ રાઠોડ, હેતલબેન ચાદેગરા, ચાંદ્રાણી જીતેન્દ્રભાઈ, સંકેત કકકડ, શૈલેષ નાઘેરા સહીતના પત્રકારો બહોળી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા તેમજ ભાસ્કરભાઈ વૈધ, દેવાભાઈ રાઠોડ, રાજેશભાઈ ભજગોતર બહારગામ હોવાથી શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત પત્રકારમિત્રો દ્વારા સર્વાનુમતે વેરાવળ તાલુકા પત્રકાર સંઘ (ABPSS)ના પ્રમુખ તરીકે અતુલભાઈ કોટેચા, ઉપપ્રમુખ તરીકે ડો.એમ.એ. બાનવા, વિજયભાઈ જોટવા, મહામંત્રી તુલસીભાઈ કારીયા, મંત્રી હિતેન્દ્રસિહ જાડેજા , સહમંત્રી જયેશભાઈ પરમાર, ખજાનચી વિશાલભાઈ તંબોલી, સહ ખજાનચી પ્રદીપ નિમ્બાર્ક, યોગેશ સતીકુવર, આઈ ટી સેલ મહેન્દ્ર ટાંક, નાનજી ચાવડાની સર્વાનુમતે વરણી



કરવામા આવી છે. આ તકે પ્રભારી દિપકભાઈ કકકડે જણાવેલ કે અખીલ ભારતીય પત્રકાર સંઘ એ પત્રકારોની રજીસ્ટ્રેશન સંસ્થા છે અને રજીસ્ટ્રેશન થયેલ પત્રકાર સંઘ અને સંસ્થા જ આજે સરકાર માન્ય ગણાય છે. ઉના-ગીર ગઢડા પત્રકાર સંઘની રચના બાદ આજે વેરાવળ તાલુકાની પણ રચના થઈ ચુકી છે. ટુકા દિવસોમા સૂત્રાપાડા, કોડીનાર, તાલાલા અને દીવની પણ પત્રકાર સમિતીની રચના કરાશે. જીલ્લા પ્રમુખ મિતેષભાઈ પરમારે જણાવેલ કે પત્રકાર સંઘ મા જોડાયેલા તમામ મિત્રોને અભીનંદન સાથે આવનારા દિવસોમા પત્રકારોને રજીસ્ટ્રેશન નંબર સાથેનુ આઈકાર્ડ પણ આપવામા આવશે, પત્રકારો માટેની યોજનાઓ, મળતા લાભો, પરીષદોમા દરેક પત્રકારોને સાથે લઈને ચાલશુ. નવનિયુક્ત પ્રમુખ અતુલ કોટેચાએ જણાવેલ કે આજરોજ વેરાવળ તાલુકાના પત્રકાર સંઘ ના પ્રમુખ તરીકે દિપકભાઈ કકકડ અને મિતેષભાઈ પરમારે જે જવાબદારી સોંપી છે તેને હુ નિભાવીશ અને દર મહિને વેરાવળ તાલુકાની મિટીંગ પણ યોજાશે જેમા પત્રકારોને પડતી મુશ્કેલીઓનુ નિરાકરણ લાવવામા આવશે. ઉપપ્રમુખ ડો.બાનવાએ જણાવેલ કે સૌ પ્રથમ ગીર સોમનાથ જીલ્લાના વેરાવળમા સોમનાથ વેરાવળ પત્રકાર સંઘની રચના કરાઈ હતી જેમા નાનામા નાના પત્રકારોને ઘણા વર્ષો પછી સ્થાન અને માન સન્માન મળ્યુ હતુ તે સોમનાથ વેરાવળ પત્રકાર સંઘના પ્રમુખ મિતેષભાઈ પરમાર હતા તેમની સાથે ડો બાનવા, અતુલ કોટેચા, સહીત દરેક પત્રકારો જોડાયા હતા અને સફળતા મેળવી હતી આજે જીલ્લાના પ્રમુખ તરીકે પણ મિતેષભાઈ પરમાર અને પ્રભારી દિપકભાઈ કકકડ હોય ત્યારે આપણે સૌએ તેમની સાથે જોડાવા એક આહવાન કરેલ હતુ. આ મહામંત્રી તુલસીભાઈ કારીયાએ જણાવેલ કે એક લાકડીને કોઈપણ તોડી શકે પરંતુ જો લાકડીઓનો સમૂહ સાથે હોય તેને કોઈપણ તોડી શકે નહી માટે આજે જે રીતે બહોળી સંખ્યામા ૩૩ થી વધુ પત્રકારો ઉપસ્થિત રહી સંગઠનની રચના કરી છે ત્યારે આવનારા દિવસોમા વધુ પત્રકારો પણ આપણી સાથે જોડાશે. શૈલેશ નાઘેરાએ જણાવેલ કે અખીલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતીના રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશભાઈ કાલાવાડીયાએ કોઈપણ પત્રકારોની સમસ્યામા સાથે ઉભા રહે છે જેમનો પોતાને અનુભવ છે માટે તેમના દ્વારા રજીસ્ટ્રેશન થયેલ આ સંગઠનના જોડાઈ પોતે પણ આનંદની લાગણી અનુભવી હતી. પીઢ મહીલા પત્રકાર મિનાક્ષીબેન વૈધે જણાવેલ કે પરોપકાર એ સૌથી મોટુ પુણ્ય છે આજના આ સંગઠનમા પત્રકારોના હીત તેમજ સંગઠન કરવાનો હેતુ ખૂબજ સરાહનીય છે. કાર્યક્રમનં સફળ સંચાલન કિરીટભાઈ વસંતે કરેલ હતુ.

# પોરબંદરમાં સ્ટેટ લાઈબ્રેરી પાસે આવેલ પાણીનો ટાંકો પડવાની દહેશત



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

પોરબંદરની સ્ટેટ લાયબ્રેરી પાસે અતિ જર્જરિત હાલતમાં પાણીનો ટાંકો જોવા મળે છે. આ વિસ્તારના લોકોને પીવાનું પાણી વિતરણ કરવા માટે આ વિશાળ ટાંકો બનાવવામાં આવ્યો હતો અને આ ટાંકો જર્જરિત બનતા નવો ટાંકો બનાવી તેમાંથી પાણી વિતરણ કરવાનું શરૂ કર્યુ છે. પરંતુ જૂનો જર્જરિત ટાંકો હજુ યથાવત રાખવામાં આવ્યો છે. આ વિશાળ પાણીનો ટાંકો એટલો જર્જરિત છે કે તેમાંથી લોખંડ બહાર નીકળી ગયું છે અને ઉપરથી લોખંડ સહિત કાટમાળ લટકી રહ્યો છે. ઉપર ચડવાના પગથિયાં ખવાઈ ગયા છે અને ટાંકાના પાયા પણ જર્જરિત બન્યા છે. આ વિસ્તારમાં સ્થાનિકો વસવાટ કરે છે. આ ટાંકો અતિ જર્જરિત હોવાથી ગમે ત્યારે ધરાશાયી થવાની દહેશત ઉભી થઈ છે. કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા આ ટાંકાને ઉતારી લેવો અતિ આવશ્યક બન્યો છે. જેથી તાકીદે આ અતિ જર્જરિત ટાંકાને ઉતારી લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# પોરબંદરમાં ધોરણ ૯થી ૧૨ના છાત્રોના પ્રવેશ માટે તારીખ લંબાવાઈ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

પોરબંદરમાં આગામી ૧૪ તારીખે રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા યોજાશે. કોરોનાને પગલે ધો.૯ થી ૧૨ના એવા છાત્રો જે શાળા પ્રવેશથી વંચિત હોય તેવા વિધાર્થીઓ માટે પ્રવેશ તા.૨૮ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ છે. પોરબંદરમાં રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા નવયુગ વિદ્યાલય ખાતે આગામી ૧૪ ફેબ્રુઆરીના દિવસે યોજાશે. ધોરણ ૧૦મા અભ્યાસ કરતા વિધાર્થીઓ આ પરીક્ષા આપશે. જેમાં ૨ પેપર આપવાના રહેશે. સવારે ૧૧:૩૦ થી ૧:૩૦ અને બપોરે ૩ થી ૫ પરીક્ષા નું આયોજન કરાયું છે. પેપરમાં બૌધિક યોગ્યતા અને શૈક્ષણિક યોગ્યતા જેમાં બહુ વિકલ્પ સ્વરૂપ અને હેતુલક્ષી પ્રશ્નો પુછાશે. આ મહત્વની પરીક્ષા મા જે વિધાર્થીઓ પાસ થશે તેઓને ધોરણ ૧૧ અને ૧૨ મા માસિક રૂ.૧૨૫૦ શિષ્યવૃતિ મળશે. પરીક્ષામાં સામાજિક અંતર જાળવી, માસ્ક પહેરી, કોવિડની ગાઈડલાઈન મુજબ પરીક્ષા લેવાશે. કોરોનાને પગલે કેટલાક લોકો સ્થળાંતર કરી રહ્યા હતા જેથી કેટલાક વિધાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગયા હોય જે બાબતે ધોરણ ૯ થી ધોરણ ૧૨ના વિધાર્થીઓ જે શાળા પ્રવેશથી વંચિત રહી ગયા હોય તેવા વિધાર્થીઓ તા.૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીમાં જે તે શાળાના આચાર્ય પાસે જઈ, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતેથી મંજૂરી મેળવી શાળા પ્રવેશ કરી શકશે. જે માટે આવા શાળા પ્રવેશથી વંચિત રહેલા વિધાર્થીઓ માટે આ છેલ્લી તારીખ હોઈ જેથી વિધાર્થીઓએ પોરબંદરની જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

# ઉપલેટા ભાદર ચોકમાં બે વ્યક્તિઓ વચ્ચે પૈસા બાબતે સર્જાઈ બબાલ

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૯

ઉપલેટા શહેરમાં આવેલ ભાદર ચોકમાં બે વ્યક્તિઓ વચ્ચે પૈસા બાબતે બબાલ સર્જાઈ હતી અને આ બબાલમા ઉપલેટાના દેવશી રાણા સોલંકી પર ચીખલીયાના સલીમ નુરમામદ દલ દ્વારા છરી અને કુહાડી વડે હુમલો કરાયો હોવાની ફરિયાદ ઉપલેટા પોલીસ ચોપડે નોંધાઈ છે. ઉપલેટામાં પોલીસમાં નોંધાયેલ ફરિયાદ અનુસાર ફરિયાદીના જણાવ્યા પ્રમાણે દોઢ વર્ષ પહેલાં સલીમ નુરમામદ દલ નામના ચોખલિયાના વ્યક્તિએ ઉપલેટાના દેવશી રાણા સોલંકી કે જેઓ નાણાધીરધારનુ લાયસન્સ ધરાવે છે તેમની પાસેથી ૭૦,૦૦૦/- રૂપિયા વ્યાજે લીધેલ હતા જે પરત માંગતા સલીમ દલ દ્વારા દેવશી રાણા પર છરી અને કુહાડી વડે હુમલો કર્યો હોવાની બાબતે ઉપલેટા પોલીસમાં ફરિયાદમાં નોંધાઈ છે જેમાં દેવશી રાણા સોલંકી પર હુમલા દરમિયાન સામે વાળાને રોકવા અને દેવશી રાણાને બચાવવા જતાં ફરિયાદી એવા દેવશી રાણાના પુત્ર દિલીપ સોલંકીને પણ ઈજાઓ પહોંચી હતી જે બાદ આ બન્નેને ઉપલેટા ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. આ જપા-જપીમાં ઉપલેટાના દેવશી રાણા સોલંકીને



માથાના ભાગે કુહાડી લાગેલ અને તેમને બચાવવા જનાર તેમના પુત્ર દિલીપને પણ છાતીના ભાગે કુહાડી લાગેલ હતી સાથે સલીમ દલ દ્વારા નેફામા રાખેલ છરી વડે પણ ફરિયાદી એવા દિલીપ પર વધુ પગના ભાગે છરીના ઘા મારેલ હોવાનો પણ ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે જેમની ફરિયાદ ઉપલેટા પોલીસમાં નોંધાવાઈ છે. આ જપા જપીમાં ઈજાઓ પહોંચતા દેવશી રાણા સોલંકી અને તેમનો પુત્ર દિલીપ દેવશી સોલંકી બન્ને ઉપલેટાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે ત્યારે આ ઘટનાની જાણ થતાં આ સમગ્ર મામલે ઉપલેટા પોલીસ દ્વારા હાલ તપાસ ચલાવાઈ રહી છે.

# વેરાવળમાં સુન્ની મુસ્લિમ જમાત દ્વારા ત્રીજુ સમૂહ ખતનાનું આયોજન કરાયું

### સમગ્ર ગીર-સોમનાથ માંથી ૯૨ જેટલા બાળકોએ લાભ લીધો

ચક્રવાત ટીમ, તા.૦૯

તા.૭/૨/૨૧ રવિવારના રોજ ગીર સોમનાથનાએ વડા મથક વેરાવળમાં સુન્ની મુસ્લિમ જમાત દ્વારા એક સમૂહ ખતનાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૯૨ જેટલા પરિવાર એ તેમના બાળકોની ખતના કરાવેલ હતી. આજના મોંઘવારીના યુગમાં કુરિવાજો દૂર થાય અને જરૂરતમંદ વ્યક્તિના નાણાનુ બગાડના થાય અને તે આ રીતરિવાજમા વપરાતા નાણાનું પોતાના બાળકોના શિક્ષણ અને સ્વાસ્થય પાછળ ખર્ચાય તે હેતુ થી આ સમૂહ ખતના નું આયોજન કરવામાં



આવેલ હતું. આ તકે સંસ્થાના પ્રમુખ હાજી અ.મજીદ દિવાન,હાજી અલીમહમદ ખત્રી, હાજી ગફાર ખાન, હાજી યુસુફ દિવાન, અ. ગની ગોરી, સૈયદ અખ્તર બુખારી, મહમદ સોરઠીયા પત્રકાર, સૈયદ બરકત અલી બાપુ, હાજી રિયાઝ, અનવર પટેલ, ઈબ્રામ બાસઠીયા, અલતાફ સિલ્વર, રફીક મૌલાના, હનીફ જીવા, અ.રજાક મૌલાના, હાફિઝ સબબીર, ઈબ્રાહિમ ચૌહાણ, રહીમ તાજવાણી, ઈમરાન રામશા, હાજી મકસુંદ શેરૂ, અફઝલ સર એ હાજરી આપેલ હતી અને કાર્યક્રમ ને સફળ બનાવવા સુન્ની મુસ્લિમ જમાત ના કાર્યકરો એ ખૂબ જહેમત ઉઠાવેલ હતી.

# કોડીનારમાં ગ્રામ્ય વિસ્તારની અનોખી પહેલ : મહિલા બસ સ્ટેન્ડ ખુલ્લુ મુકાયુ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વિઠ્ઠલપુર ગામે પ્રથમ ડિજિટલ મહિલા બસ સ્ટેન્ડ ખુલ્લું મુકાયું. દીકરીઓને માન પણ સન્માન પણના નારા સાથે ગામના યુવાન ઉત્સાહી સરપંચ પ્રતાપભાઈ મહિડા દ્વારા ગામની સુવિધામાં વધારો કરતી ગામની દીકરીઓ માટે મહિલા ડિજિટલ બસ સ્ટેન્ડ દીકરીઓના હાથે આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું વિઠ્ઠલપુર ગામે થી ૧૦૦ જેટલી દીકરીઓ બાજુના ગામે અભ્યાસ માટે જાય છે તેમને આમનો લાભ મળશે. મહિલા બસ સ્ટેન્ડની સુવિધાઓ સ્માર્ટ ટીવી, સીસી ટીવી કેમેરા, મોબાઈલ ચાર્જર, બસ ટાઈમ ટેબલ, લાયબ્રેરી, ડિજિટલ લાઈટિંગ વિગેરે સુવિધા



યુક્ત બસ સ્ટેન્ડ ગામ આગેવાનો સાથે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. વિઠ્ઠલપુર ગામ વિવિધ સુવિધા ના કારણે પ્રખ્યાત બન્યું છે ત્યારે ગામમાં લોકોને ફરવા માટે નદી પર રિવરફ્રન્ટ નું કામ સાલું છે, ગામની દીકરીઓ ના લગ્ન માટે પાર્ટી પ્લોટનું કામ, ગામની બેનો ને ૨૪ કલાક પાણી આપવામાં આવશે આમ વિવિધ સુવિધાથી વિઠ્ઠલપુરની કાયા પલટી. વિઠ્ઠલપુર ગામની કામગીરી ખરેખર ઉમદા છે. ગામના યુવા સરપંચ મહીડા પ્રતાપભાઈ દ્વારા પ્રેસ પ્રતિનિધિને આ મુજબની માહિતી આપી હતી. કોડીનાર એ ગીર સોમનાથ જિલ્લામાં ઔધોગિક શહેર તેમજ આધુનિક શિક્ષણ ના યુગમાં અગ્રેસર ભૂમિકા ભજવે છે ત્યારે કોડીનાર તાલુકાની વિઠલપુર ગામની આ મહિલાઓ માટેની પહેલ ખરેખર અસરકારક ગણાવી શકાય.

# વાંકાનેરની કે. કે. શાહ વિદ્યાલયના વિદ્યાર્થીઓની પ્રમાણિકતા

### પૈસાથી ભરેલ પાકીટ મુળ માલિકીને પરત કર્યું

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૯

વાંકાનેર શહેરની શ્રી કે. કે શાહ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયમાં અભ્યાસ કરતા ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા પ્રમાણિતાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. જેમાં એક સામાન્ય પરિવારમાંથી આવતા બે વિદ્યાર્થીઓ દ્વારા સવારે શાળાના સમયે આવતી વેળાએ મળેલ પૈસાથી ભરેલ પાકીટ પ્રમાણિતા દાખવી અને શાળાના શિક્ષક મારફતે મુળ માલિકી સુધી પહોંચાડી પોતાના સંસ્કારોને ઉજાગર કર્યા હતા.

વાંકાનેરની કે. કે. શાહ વિદ્યાલયમાં ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાગર હરેશભાઈ ડાભી અને રાહુલ માવજીભાઈ ગુગડીયા સવારે શાળાએ આવતાં હોય ત્યારે તેમને શાળાના દરવાજા પાસે પાર્ક કરેલ બાઈક પાસે એક વોલેટ(પાકિટ) પડેલું હોવાનું ધ્યાનમાં આવતા જે પાકિટને લઈ ચેક કરતા તેમાં અંદાજે સાતથી આઠ હજાર રૂપિયા રોકડ રકમ, એટીએમ કાર્ડ, આઈ કાર્ડ મળી આવતા વિદ્યાર્થીઓએ





આ પાકિટ શાળાનાં શિક્ષકોને સુપ્રત કર્યું હતું જે બાદ શિક્ષકો દ્વારા આ પાકિટ તેના મુળ માલિક પ્રતિપાલસિંહ વાળા (પોલીસ કોન્સ્ટેબલ)ને પરત કર્યું હતું. એક સામાન્ય પરિવારમાંથી આવતા આ બંને વિદ્યાર્થીઓ દ્વારા એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર આ પાકિટ તેના મુળ માલિક સુધી પહોંચાડવા માટે જે પ્રયત્ન ખરેખર સમાજ માટે ઉદાહરણ રૂપ અને પોતાના કુટુંબ તથા શાળાએ આપેલ સંસ્કારોને ઉજાગર કરનાર તેમજ પ્રમાણિકતા નું શ્રેષ્ઠતમ ઉદાહરણ પુરૂ પાડે છે.

# પોરબંદરની જિલ્લા પંચાયત સંચાલિત સ્કૂલના વિદ્યાર્થીઓને પૂરતા પુસ્તકો મળ્યા નથી

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

પોરબંદરના કમલાબાગ પાસે આવેલ જિલ્લા પંચાયત હસ્તકની એમ ઈ એમ શાળા ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે આશિર્વાદ સમાન છે. આ શાળા ખાતે ભૂતકાળમાં અનેક વિદ્યાર્થીઓએ અભ્યાસ કરીને પોતાની કારકિર્દી બનાવી છે. આ શાળા ખાતે આ વખતે પણ શાળાની સારી નામના ને કારણે અનેક વિદ્યાર્થીઓ ખાનગી શાળા છોડી આ શાળા ખાતે એડમિશન મેળવ્યું છે. પરંતુ પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ માટેના પુસ્તકો પૂરતા ફાળવવામાં આવ્યા નથી. કોરોનાને પગલે શાળાઓ બંધ છે અને વિદ્યાર્થીઓ ઘરે રહી ઓનલાઈન અભ્યાસ કરે છે ત્યારે પુસ્તકો અધૂરા આપવામાં આવતા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂરો કરવામાં હાલાકી વેઠવી પડે છે. અને અધૂરા પુસ્તકો પુરા કરવા ફરજીયાત ખાનગી દુકાનો માંથી પુસ્તકો લેવા પડે છે અને ત્યાં પણ કેટલાક પુસ્તકો નહિ હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલી વેઠવી પડી રહી છે. આગામી સમયમાં વાર્ષિક પરીક્ષા આવનાર હોય જેથી અધૂરા પુસ્તકોને કારણે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂરો કરવામાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે તેવુ વિદ્યાર્થીઓના વાલીઓએ જણાવ્યું હતું. ગાંધીનગરથી પુસ્તકો આવે છે. ગત વર્ષે જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા એ મુજબ પુસ્તકો આવ્યા હતા. જેથી પુસ્તકો ઓછા આવ્યા હતા. આ વખતે વિદ્યાર્થીઓ વધ્યા છે.જેથી હવે આવતા વખતે વિદ્યાર્થીની સંખ્યાના આધારે પુસ્તકોનો જથ્થો આવી જશે તેમ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ગિગનભાઈ બાપોદરાએ જણાવ્યું છે.

# પોરબંદર ચૂંટણીમાં ભાજપમાં નવા ચહેરાઓ આવે તેવી શકયતા

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૯

પોરબંદર છાયા સંયુકત નગરપાલિકાની ૨૮મી ફેબ્રુઆરીએ યોજાનારી ચુંટણીમાં ભાજપમાંથી ૩૯૮ જેટલા લોકો ચુંટણી લડવા ઈચ્છુક છે ત્યારે અનેક આગેવાનોના પત્તા કપાશે અને અનેક નવા ચહેરાઓ આવે તેવી શકયતા જણાઈ રહી છે તો ભાજપના સંગઠનમાં હોદો ધરાવનારાને ટીકીટ નહીં મળે તેવા નિર્ણયને લીધે પણ અમુક હોદેદારો રાજીનામા આપી ને ટિકિટ મેળવે તેવી શકયતા જણાઈ રહી છે. રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે પોરબંદર-છાયા નગરપાલિકા ચુંટણીમાં આ વખતે રાજકીય પક્ષમાં ભાજપમાં ૩૯૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે અને કોંગ્રેસ દ્વારા પણ યુવાનો સહિત જુના અનુભવીઓને તક આપવાની તૈયારીઓ ચાલુ છે ત્યારે આગામી બે દિવસની અંદર જ ભાજપ અને કોંગ્રેસના બન્નેના પર ઉમેદવારોનું લીસ્ટ જાહેર થશે. પોરબંદર-છાંયા નગરપાલિકામાં ૧૩ વોર્ડમાં પર ઉમેદવારો માટે ભાજપ પક્ષમાંથી તાજેતરમાં ખુબ જ મોટી દાવેદારી નોંધાઈ હતી અને તેમાં પાર્ટી સાથે વર્ષોથી જોડાયેલા જુના કાર્યકરો સહિત અનેક નવા ચહેરાના લોકોએ પણ દાવેદારી નોંધાવી છે. તે રીતે આ વખતે નગરપાલિકાની સ્થાનિક ચુંટણીઓમાં પણ અનેક નવા ચહેરા સાથે ગરમાવો જોવા મળશે અને અનેક લોકોના નામ કપાતા નારાજગી પણ સંભવિત જણાઈ રહી છે. તમામ તૈયારીઓ સાથે ભાજપના જીલ્લા અને શહેરના હોદેદારો કીરીટભાઈ મોઢવાડિયા, વિક્રમભાઈ ઓડેદરા, પંકજભાઈ મજીઠીયા, અશોકભાઈ મોઢા, ખીમજીભાઈ મોતીવરસ સહિત તાલુકા અને જીલ્લા પંચાયતના હોદેદારો નિલેશભાઈ મોરી સહિતના આગેવાનો ફલાઈટ દ્વારા અમદાવાદ પહોંચીને ગાંધીનગર સ્થિત ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાના નિવાસ સ્થાને વિસ્તૃત ચર્ચા કર્યા બાદ સમગ્ર સૌરાષ્ટ્રની નગરપાલિકા અને સંગઠનના હોદેદારોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સમક્ષ ઉમેદવારોની ફાઈલો સોંપવામાં આવી હતી અને આજે તારીખ ૧૦ ના જ ફાઈનલ ઉમેદવારનું લીસ્ટ જાહેર કરવામાં આવશે. તેમજ આ વખતની ચુંટણીમાં અનેક ફેરફારમાં મોટા ફેરફારમાં ૬૦વર્ષથી ઉપરના તેમજ ૩ ટર્મથી વિજેતા થયેલા ઉમેદવારોને ટીકીટ આપવામાં આવતી નથી અને જે પાર્ટી સાથે જોડાયેલા હોય તેમજ હાલ હોદો ધરાવતા હોય તેઓને પણ દાવેદારી નોંધાવવા માટે હાલના હોદા ઉપરથી રાજીનામુ આપી દેવાનું પાર્ટીએ ફરમાન બહાર પાડયું છે જેથી અનેક હોદેદારોએ હોદો યથાવત રાખીને ટીકીટની માંગણી કરી નથી. પોરબંદરની અગ્રણી વેપારી સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં વર્ષોથી પ્રમુખ સ્થાને રહેતા જીજ્ઞેશ કારીયાએ પણ આ વખતે ભાજપ પક્ષની પાલિકાની ચુંટણીમાં વોર્ડ નં. ૫ અને ૯ માંથી દાવેદારી નોંધાવી હતી અને તેઓ વર્ષોથી વેપારીઓના વિવિધ પ્રશ્ર્ને જાગૃત રહીને સમસ્યાઓના નિકાલ તરફ આગળ વધતા હોવાથી પ્રબળ લોકચાહના પણ તેમની છે ત્યારે તેઓએ વોર્ડ નં. ૫ અને ૯ માંથી દાવેદારી નોંધાવી છે અને પક્ષ દ્વારા તેઓને ટીકીટ ફાળવવામાં આવે તે પહેલા આજે તેઓ ચૂંટણી લડવા નથી તેવું જાહેર કર્યુ છે તેમના મોટાભાઈ સરજુભાઈ કારીયા વર્ષોથી ભાજપપક્ષ સાથે જોડાયેલા છે અને પાલિકાની એકઝીકયુટીવ કમીટીના પૂર્વચેરમેન પણ છે અને તેઓએ પણ તે વોર્ડ માટે દાવેદારી કરી છે જેથી પક્ષ દ્વારા તેમને ક્યા વોર્ડમાં ક્રિકેટ ફાળવવામાં આવશે કે કેમ? તેની પણ આતુરતા સેવાઈ રહી છે. હાલ જયારે ભાજપ પક્ષ દ્વારા દેશનું ભવિષ્ય યુવાનોના હાથમાં હોય તે પ્રકારની નિતિ અપનાવીને યુવા કાર્યકરોને આગળ કરી રહ્યા છે ત્યારે પોરબંદરના રઘુવંશી અગ્રણી મનુભાઈ મોદી નો યુવા પુત્ર સાગર મોદી અનેક યુવાનોને પક્ષમાં જોડી રહ્યા છે તુયારે તેઓના નામની પણ ચર્ચએજોિર પકડયું છે તુયારે તેમની સાથે વાત કરતા સાગર મોદીએ જણાવ્યું હતું કે, નગરપાલિકાની ચુંટણીમાં તેણે ઉમેદવારી નોંધાવી નથી અને પક્ષ દ્વારા સોંપવામાં આવતી આઈ.ટી.-મીડીયા સેલ તેમજ વોર્ડ ઈન્ચાર્જની કામગીરી કરવામાં આવશે.

# તંત્ર રીંગ માસ્ટર નથી અને જનતા જાનગર નથી કોરોના સત્યાગ્રહીઓની તંત્રને ચેતવણી

### ઠેરઠેર ઉભી કરાયેલ પ્રચાર વ્યવસ્થા સત્વરે બંધ કરો નહીંતર સત્યાગ્રહીઓ દ્વારા વીજ જોડાણ કાપી નંખાશે

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૯

રાજકોટ શહેરમાં જનજાગૃતિ અભિયાન ચલાવતા કોરોના સત્યાગ્રહ સમિતિનાં અશોક પટેલની આગેવાનીમાં સમિતિના સભ્યો દ્વારા 'નકલી કોરોના' મામલે સરકારી તંત્રને પત્ર વ્યવહાર કરાયેલ છે તેમજ નોટીસ પણ અપાયેલ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ જવાબ આપવામાં આવેલ નથી. સમિતિ દ્વારા મહાપાલિકાનાં કમિશ્નરને તાજેતરમાં એક પત્ર પાઠવી સમિતિ દ્વારા કોરોના મામલે ચાલતા પ્રચારનાં સ્પીકરો તેમજ ટી.વી. સ્ક્રિન સાત દિવસમાં બંધ કરવા જણાવી વધુમાં ચેતવણી ઉચ્ચરતા જણાવેલ છે કે સમય મર્યાદા બાદ



સમિતિના સભ્યો દ્વારા આવા પ્રચાર કરતાં માધ્યમોનાં વિજ જોડાણો કાપી નંખાશે. આ મામલે કમિશ્નર ઉપલબ્ધ ન હોવાથી નાયબ કમિશ્નર નંદાણીને સમિતિના અશોક પટેલની આગેવાનીમાં તા.૬નાં રોજ આખરીનામાનો પત્ર આપવામાં આવેલ છે. કોરોના મહામારીના નામે ચલાવતી પ્રચાર ઝુંબેશ મામલે સત્યાગ્રહ સિમિતિએ તંત્રને આવી કાર્યવાહી સાત દિવસમાં બંધ કરવા જણાવી ભારોભાર આક્રોશ વ્યક્ત કરેલ છે. આવા પ્રચારથી જાહેર જનતામાં ભયંકર માનસિક ત્રાસ ફેલાય છે. દવા ઉત્પાદક કંપનીઓના હિતમાં તંત્ર દ્વારા ફાર્મા ટેરેરીઝમ ફેલાવાય રહ્યો છે જે બંધ કરવા સમિતિનાં પત્રમાં જણાવાયુ છે. મહાપાલિકા કે અન્ય તંત્ર દેશમાં રીંગ માસ્ટર નથી અને જનતા જાનવર નથી તે વાત તંત્ર વાહકોએ સમજી લેવાની જરૂર છે તેમ પત્રમાં સમિતિનાં અશોક પટેલ, પ્રવિણ લાખાણી, મહેશ મહીપાલ, અશોક બુટાણી, અમિત પટેલ અને દિપક પૂજારા વિગેરેએ લાગણી-માગણી વ્યક્ત કરેલ છે.

### ૨૨ વર્ષ બાદ ચેન્નાઈની ધરતી પર ભારતની હાર

# ચેન્નાઈ ટેસ્ટમાં ભારતની બેટિંગને ચકનાચૂર કરતું ઈંગ્લેન્ડ

ચેન્નાઈ,તા.૯

ભારત ઈંગ્લેન્ડ સામે ચાર ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ચેન્નઈ ખાતે ૪૨૦ રનનો પીછો કરતાં ૧૯૨ રનમાં ઓલઆઉટ થયું છે. ટીમ ઈન્ડિયા ૨૨ વર્ષે ચેન્નઈમાં ટેસ્ટ હાર્યું છે. અહીં ભારત છેલ્લે જાન્યુઆરી ૧૯૯૯માં પાકિસ્તાન સામે ૧૨ રને હાર્યું હતું. એ પછી ટીમ ઈન્ડિયાએ અહીં ૮ ટેસ્ટ રમી હતી, જેમાંથી ૫ જીતી હતી અને ૩ ડ્રો રહી હતી. આ ઈંગ્લેન્ડની ભારતીય ધરતી પર સૌથી મોટી જીત છે. આ પહેલાં તેણે ૨૦૦૬માં મુંબઈ ટેસ્ટ ૨૧૨ રને જીતી હતી.

ઈંગ્લેન્ડ ૮ વર્ષ પછી ભારતમાં ટેસ્ટ જીત્યું છે અને તેણે ૪ ટેસ્ટની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ટીમ ઈન્ડિયા માટે રનચેઝમાં કેપ્ટન વિરાટ કોહલીએ કરિયરની ૨૪મી ફિફ્ટી ફટકારતાં ૭૨ રન અને શુભમન ગિલે કરિયરની ત્રીજી ફિફ્ટી ફટકારતાં ૫૦ રન કર્યા, એ સિવાય અન્ય કોઈ બેટ્સમેન પિચ પર ટકી શક્યો નહોતો. ઈંગ્લેન્ડ માટે જેક લીચે ૪, જેમ્સ એન્ડરસને ૩, જ્યારે બેન સ્ટોક્સ, જોફ્રા આર્ચર અને ડોમ બેસે ૧ વિકેટ લીધી. મેચનું સ્કોરકાર્ડ જોવા અહીં ક્લિક કરો...




ઈંગ્લેન્ડની ટીમ ૮ વર્ષ પછી ભારતમાં ટેસ્ટ જીતી છે. તેણે છેલ્લે ભારતને ડિસેમ્બર ૨૦૧૨માં ઈડન ગાર્ડન્સ ખાતે માત આપી હતી. એ પછી ભારતમાં બંને દેશ વચ્ચે ૬ ટેસ્ટ રમાઈ હતી, જેમાંથી ૪ ભારત જીત્યું અને ૨ ટેસ્ટ ડ્રો રહી.

ઈંગ્લેન્ડની રનના માર્જિનથી આ સૌથી મોટી જીત છે. આ પહેલાં તેણે ૧૯૩૪માં ભારતને ૨૦૨ રને હરાવ્યું હતું. તેણે ૧૯૭૭માં ભારતને ૨૦૦ રને હરાવ્યું હતું. ઓવરઓલ ભારતની ઘરઆંગણે રનના માર્જિનથી સૌથી મોટી હાર ૨૦૦૪માં નાગપુર ટેસ્ટ ખાતે થઈ હતી, ત્યારે કાંગારૂ ૩૪૨ રને જીત્યું હતું.

વિરાટ કોહલીએ સારી બેટિંગ કરતાં ૧૦૪ બોલમાં ૯ ફોરની મદદથી ૭૨ રન કર્યા હતા. આ તેની ટેસ્ટમાં ૨૪મી ફિફ્ટી હતી. બેન સ્ટોક્સની ગુડ લેન્થ પર પિચ થયેલા બોલને કોહલી ડિફેન્ડ કરવા ગયો, પરંતુ બોલ બહુ લો રહ્યો (ઓછો ઊછળ્યો) અને કોહલીના બેટ નીચેથી જતો રહ્યો. ઈન્ડિયન કેપ્ટન કઈ કરી શકે એમ નહોતો. અનપ્લેએબલ ડિલિવરી. એ પહેલાં રવિચંદ્રન અશ્વિન ૯ રને જેક લીચની બોલિંગમાં કટ કરવા જતાં કીપર બટલરના હાથે કેચ આઉટ થયો હતો.

ભારતીય ઈનિંગ્સની ૩૯મી ઓવરમાં જોફ્રા આર્ચરનો બોલ રવિચંદ્રન અશ્વિનને કાંડામાં વાગ્યો હતો. અશ્વિને ફિઝિયોની મદદ લીધી, મેજિક સ્પ્રેનો ઉપયોગ કર્યો અને ૨ મિનિટના બ્રેક પછી મેચ ફરી શરૂ થઈ. એ પછીનો બોલ જ અશ્વિનના હેલ્મેટ પર વાગ્યો હતો. ટીમ ઈન્ડિયાને લેગ બાયના ૪ રન મળ્યા હતા. ફિઝિયો નીતિન પટેલે અશ્વિનનું કન્કશન પ્રોટોકોલ પ્રમાણે ચેકઅપ કર્યું અને એ પછી ગેમ ફરી શરૂ થઈ.

ઋષભ પંત ૧૧ રને જેમ્સ એન્ડરસનની બોલિંગમાં કવર્સ પર જો રૂટના હાથે કેચ આઉટ થયો હતો. પંતે મિડવિકેટ પર બોલને મારવા બેટનું ફેસ જલદી ક્લોઝ કર્યું અને એન્ડરસનનો બોલ એ જ લેવા જેટલો જ મૂવ થયો.

# લોરાને બે સેટમાં હરાવી સેરેના ૨૦મી વખત બીજા રાઉન્ડમાં

નવી દિલ્હી,તા.૯

અમેરિકાની ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સ ૨૦મી વખત ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ૭ વખતની પૂર્વ ચેમ્પિયન સેરેનાએ જર્મનીની લોરા સીઝમન્ડને ૬-૧, ૬-૧થી હરાવી. સેરેના ૫૬ મિનિટમાં જીતી ગઈ. સેરેના ૧૯૯૮થી આ ગ્રાન્ડ સ્લેમ રમે છે.

૧૦મી સીડ સેરેનાની બીજા રાઉન્ડમાં સર્બિયાની નિના સ્ટોજાનોવિચ સામે ટક્કર થશે. ૨૦૧૯ની યુએસ ઓપન ચેમ્પિયન બિયાન્કા આન્દ્રેસ્કુ ૧૫ મહિના પછી કોર્ટ પર ઉતરી છે. કેનેડાની આન્દ્રેસ્કુએ રોમાનિયાની મિહાએલા બુજારનેસ્કુને ૬-૨, ૪-૬, ૬-૩થી હરાવી. આ દરમિયાન વીનસ વિલિયમ્સ ઓસ્ટ્રેલિયન ઓપનમાં મહિલા સિંગલ્સમાં મેચ જીતનારી સૌથી વયસ્ક ખેલાડી બની ગઈ છે. સિમોના હાલેબ, પેટ્રા ક્વિટોવા, સારા ઈરાની, નાઓમી ઓસાકા, આર્યના સબાલેન્કા બીજા રાઉન્ડમાં પહોંચી છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન સર્બિયાનો નોવાક જોકોવિચ બીજા રાઉન્ડમાં પહોંચી ગયો છે. ટોપ સીડ જોકોવિચે જેરેમી ચાર્ડીને ૬-૩, ૬-૧, ૬-૨થી હરાવ્યો. જોકોવિચે ચાર્ડીને ૧૪મી વખત હરાવ્યો. યુએસ ઓપન ચેમ્પિયન ડોમિનિક થિએમે મિખાઈલ કુકુશકિનને ૭-૬, ૬-૨, ૬-૩થી હરાવીને બીજા રાઉન્ડમાં સ્થાન બનાવ્યું છે.

# પંતને પરિસ્થિતિ મુજબ બેટિંગ શોટ પસંદ કરવા જોઈએ : પૂજારાની સલાહ

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૮

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ ચેન્નાઈની ચેપક સ્ટેડિયમમાં રમાઇ રહી છે. પ્રથમ ઈનિગંમાં લથડી ગયેલી ભારતીય ટીમને યુવા વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે ટીમને સંભાળી હતી. ઋષભ પંત પોતાની નેચરલ બેટિંગ કરતા તાબડતોડ ૯૧ રનની ઈનિંગ રમી હતી. હવે પંતની આ ઈનિંગ પર અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પુજારાએ તેને ખાસ સલાહ આપી છે.




પુજારાએ સલાહ આપતા કહ્યું કે, તેને પરિસ્થિતિઓને સૌથી ઉપર રાખીને બેટિંગમાં શૉટની પસંદગી કરવી જોઇએ, સમજદાર બનવુ જોઇએ, વધુ પડતી ફટકાબાજી ના કરવી જોઇએ. આ પંતની નેચરલ બેટિંગ છે, એટલે તેને વધુ રોકી નથી શકાતી. તે બુહ રક્ષાત્મક નથી થઇ શકતો, કેમકે આમ કરવાથી તે વધુ ઝડપથી આઉટ થઇ શકે છે. આ આક્રમક બેટિંગ તેની રમત માટે સારી છે કે તે પોતાના શૉટ ફટકારતો રહે, પરંતુ ક્યારેક ક્યારેક તેને બહુ સમજી વિચારીને શૉટ ફટકારવા જોઇએ. પંતને એ સમજવાની જરૂર છે કે કયો શૉટ રમવાનો છે, અને કયો શૉટ નથી રમવાનો. તેને એ સમજવાની જરૂર છે કે પરિસ્થિતિઓ પ્રમાણે ક્રિઝ પર તેની જરૂરિયાત છે. વસ્તુઓને સંતુલિત કરવી તેના માટે સૌથી મહત્વપૂર્ણ છે.

# અમારી બોડી લેન્ગવેજ અને ઈન્ટેન્સિટી બરાબર નહોતી : કોહલી

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૯

કોહલીએ કહ્યું કે, મને લાગે છે કે અમે પ્રથમ દાવમાં બોલ સાથે ઈંગ્લિશ ટીમ પર પ્રેસર નહોતું નાખ્યું. ફાસ્ટ બોલર્સ અને અશ્વિને સારી બોલિંગ કરી, પરંતુ અમારે તેમના બેટ્સમેનને વધુ બાંધીને રાખવાની જરૂર હતી. રન ઓછા આપ્યા હોત તો ચોક્કસ દબાણ બનત. જોકે, એ વસ્તુ પણ સમજવી જરૂરી છે કે આ એક સ્લો વિકેટ હતી અને શરૂઆતના બે દિવસોમાં બોલર્સને કોઈ મદદ નહોતી મળતી. બેટ્સમેન સરળતાથી સ્ટ્રાઇક રોટેટ કરી શકતા હતા. ઈંગ્લેન્ડને પણ ક્રેડિટ આપવો પડે, એમણે જે રીતે અનુકૂળ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને મોટો



સ્કોર કર્યો. અમારી બોડી લેન્ગવેજ બરાબર નહોતી અને ઈન્ટેન્સિટી લેવલ પણ યોગ્ય નહોતું. તેણે વધુમાં ઉમેર્યું કે, ફર્સ્ટ ઈનિંગ્સમાં ટોપ-૪ બેટ્સમેનનો દેખાવ માભા પ્રમાણે નહોતો. અમારે સમજવાની જરૂર છે કે અમે આ ગેમમાં શું આ બરાબર કર્યું અને શું ન કર્યું. એક ટીમ તરીકે અમે સતત ઈમ્પ્રુવ કરવા માગીએ છીએ.

# પંત બન્યો આઈસીસી પ્લેટર ઓફ ધ મેચ

### ઇંગ્લેન્ડ કેપ્ટન રુટ અને સ્ટર્લિંગને પણ પછાડી ટોપ પર

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૮

ભારતના વિકેટકીપર બેસ્ટમેન ઋષભ પંતને આઇસીસીએ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન શાનદાર પ્રદર્શનને લીધે એવોર્ડ આપ્યો છે. આઇસીસીએ પંતને પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ આપ્યો છે. આ એવોર્ડ માટે ઇંગ્લેન્ડના કેપ્ટન જો રૂટ અને આયરલેન્ડના બેસ્ટમેન પોલ સ્ટર્લિંગ પણ નોમિનેટ થયા હતા.

આઇસીસીએ આ એવોર્ડની શરૂઆત આ વર્ષથી જ કરી છે. જેમાં મહિનાના બેસ્ટ ક્રિકેટરની પસંદગી કરવામાં આવે છે. આઇસીસીએ ટ્વિટર એકાઉન્ટ પર આ વાત શેર કરી હતી. સાથે જ પંતને આ ખાસ એવોર્ડ જીતવા બદલ શુભેચ્છા પાઠવી હતી.




પ ાં ત ે

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સિડનીમાં ૯૭ રનની પારી રમી હતી, જેના લીધે ભારત મેચ ડ્રો કરવામાં સફળ રહ્યું હતું. જ્યારે બ્રિસબેનમાં અણનમ ૮૯ રનની પારીને લીધે ભારતે જીત હાંસલ કરી સીરિઝ જીતી હતી. આ એવોર્ડ અંગે ખુશી વ્યક્ત કરતાં પંતે કહ્યું કે, કોઇપણ ખેલાડી માટે ટીમની જીતમાં યોગદાન આપવું સૌથી મોટું પુરસ્કાર હોય છે. પરંતુ આ પ્રકારની પહેલ યુવાઓને પોતાને સારું બનાવવા માટે પ્રેરિત કરે છે.

તેણે કહ્યું કે, હું ટીમ ઇન્ડિયાના પ્રત્યેક સભ્યોને આ પુરસ્કાર સમર્પિત કરું છું, જેણે ઓસ્ટ્રેલિયામાં અમારી જીતમાં યોગદાન આપ્યું. હું દરેક ફેન્સનો પણ આભાર માનું છું કે જેમણે મને વોટ આપ્યા.

# બોલિવૂડમાં એક્ટ્રેસ તરીકે રોલ મેળવવા બ્રેસ્ટ બટ કરાવવાનું કહ્યું હતું ડાયરેક્ટરે : પ્રિયંકા

મુંબઈ,તા.૯

પ્રિયંકા ચોપરાની ઓટોબાયોગ્રાફી 'અનફિનિશ્ડ' આજે એટલે કે મંગળવાર, ૯ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થઈ રહી છે. બુક રિલીઝ થાય એ પહેલાં તેણે મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં બોલિવૂડના જાણીતા ડિરેક્ટરે તેને પ્લાસ્ટિક સર્જરી કરાવવાની સલાહ આપી હતી એ અંગે વાત કરી હતી.

બ્રિટિશ ન્યૂઝપેપર ઈન્ડિપેન્ડેન્ટના અહેવાલ પ્રમાણે, પ્રિયંકાએ પોતાની બુકમાં ડિરેક્ટર સાથે થયેલી મુલાકાત અંગેની વાત કરી હતી. વર્ષ ૨૦૦૦માં મિસ વર્લ્ડનું ટાઈટલ જીત્યા બાદ પ્રિયંકા પહેલી જ વાર ફિલ્મ સંદર્ભે બોલિવૂડના જાણીતા ડિરેક્ટર-પ્રોડ્યુસરને મળવા ગઈ હતી. ડિરેક્ટર-પ્રોડ્યુસરે પ્રિયંકાને ઊભા થઈને તેની આસપાસ ફરવાનું કહ્યું હતું. પ્રિયંકાએ એ જ પ્રમાણે કર્યું હતું, આ સમયે તે ડિરેક્ટર પ્રિયંકાની સામે સતત જોતો હતો. ત્યાર બાદ તેણે પ્રિયંકાને બ્રેસ્ટ સર્જરી કરાવવાનું, જડબું ઠીક કરાવવાનું તથા બટ સર્જરી કરાવવાની સલાહ આપી હતી.

ડિરેક્ટરે એમ કહ્યું હતું કે જો એક્ટ્રેસ બનવું હોય તો શરીરનાં કેટલાંક ભાગોને 'ફિક્સ' કરવાની જરૂર છે. આટલું જ નહીં તે ડિરેક્ટરે પ્રિયંકાને એમ કહ્યું હતું કે તે લોસ એન્જલસમાં ડૉક્ટરને ઓળખે છે અને તેને ત્યાં મોકલી દેશે. ત્યાર બાદ પ્રિયંકાના મેનેજરે પણ ડિરેક્ટરની હામાં હા મિલાવી હતી. મીટિંગ બાદ પ્રિયંકાએ મેનેજરને કાઢી મૂક્યો હતો. પ્રિયંકા આ બધી વાતો સાંભળીને નવાઈમાં મુકાઈ ગઈ હતી અને તેને નાનપની લાગણી થઈ હતી.

બુક રિલીઝ થાય એ પહેલાં પ્રિયંકા ચોપરાને પ્લાસ્ટિક સર્જરી અંગે સવાલ કરવામાં આવ્યો હતો. તેણે એશિયન સ્ટાઈલ મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે એક ફિલ્મમેકરે તેને તેના શરીરના ભાગોની સર્જરી કરાવવાની યોગ્ય કરવાની સલાહ આપી હતી. પ્રિયંકાએ કહ્યું હતું, 'મેં આ બધી વાતો કોઈને સ્પષ્ટતા આપવા માટે લખી નથી. હું મારા જીવનમાં જે જગ્યાએ છું ત્યાં બેસીને મારા જીવનના અનુભવો વિશે લખ્યું છે, એમાંથી આ એક અનુભવ હતો. આ અનુભવ મેં હૃદયના એક ખૂણામાં સાચવીને રાખ્યો હતો.

વધુમાં પ્રિયંકાએ કહ્યું હતું કે તે એન્ટરટેઈનમેન્ટ વર્લ્ડની એક મહિલા છે. તેણે સ્ટ્રોંગ બનવું પડશે. જ્યારે કોઈ કલાકાર પોતાની નબળાઈ બતાવે છે તો તેને નીચા પાડવામાં બીજાને ઘણો જ આનંદ આવે છે. તેણે માત્ર પોતાનું કામ કર્યું છે. તેણે જે બાબતો સહન કરી એના વિશે કંઈ જ લખ્યું નથી. તે હવે સમજદાર થઈ ગઈ છે. આ જ કારણે ભૂતકાળની વાત કરવી તેના માટે સરળ છે. આ પુસ્તકમાં તેણે કોઈ સ્પષ્ટતા આપી નથી. તેણે માત્ર ને માત્ર પોતાના દષ્ટિકોણથી પોતાના જીવનની વાત કહી છે.

'ટેક્સ્ટ ફોર યુ'ના શૂટિંગ દરમિયાન પ્રિયંકાએ કોરોનાની ગાઈડલાઈન્સ ભંગ કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો. બુધવાર, છ જાન્યુઆરીના રોજ પ્રિયંકાએં દ્ધના કોવિડ ૧૯ના નિયમોનો ભંગ કર્યો હતો. ઈંગ્લેન્ડમાં કોરોનાનો નવો સ્ટ્રેન વધુ ઘાતક હોવાથી ૧૫ ફેબ્રુઆરી સુધી લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. લૉકડાઉન હેઠળ સલૂન તથા સ્પા સહિત પર્સનલ કેર સર્વિસ બંધ કરી દેવામાં આવી છે. પ્રિયંકા ચોપરા માતા મધુ ચોપરા સાથે સલૂનમાં જોવા મળી હતી. આ સમયે પોલીસ ત્યાં આવી હતી અને સલૂન બંધ કરાવ્યું હતું.

પ્રિયંકા ચોપરાના સ્પોકપર્સને ચોખવટે કરતાં કહ્યું હતું, 'સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવ્યું હતું. પ્રિયંકા ચોપરા પોતાની ફિલ્મના શૂટિંગ માટે હેર કલર કરાવવા આવી હતી. જોશ વૂડ તેને હેર કલર કરી આપવાનો હતો. સલૂન માત્ર ને માત્ર પ્રોડક્શન હાઉસ માટે ખોલવામાં આવ્યું હતું. તમામના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને સરકારી નિયમોનું પણ પાલન કરવામાં આવ્યું હતું. સરકારી સલાહ પ્રમાણે, કોવિડ ૧૯ની ગાઈડલાઈન્સ સાથે ફિલ્મ તથા ટીવી પ્રોડક્શન ચાલુ રાખી શકાય છે. પોલીસને જરૂરી દસ્તાવેજો પણ બતાવવામાં આવ્યા હતા.'



# ફક્ત ૧૭ હજારની બીકીની પહેરી માલદિવ્સમાં ફોટોશૂટ કરાવતી આલીયા ભટ્ટ

મુંબઈ,તા.૯

આલિયા ભટ્ટે શૂટિંગમાંથી બ્રેક લઈને વેકેશન મનાવવાનું નક્કી કર્યું હતું. હાલમાં તે પોતાની બહેન શાહિન તથા બેસ્ટ ફ્રેન્ડ આકાંક્ષા રંજન કપૂર તથા અનુષ્કા રંજન સાથે માલદીવ્સમાં વેકેશન મનાવી રહી છે. આલિયાએ સોશિયલ મીડિયામાં વેકેશનની તસવીરો પણ શૅર કરી છે, જેમાં એક્ટ્રેસ બીચ પર જોવા મળે છે. ૨૭ વર્ષીય આલિયા બીચ પર મલ્ટી કલરની બિકીનીમાં જોવા મળી હતી.

આલિયાએ સો.મીડિયામાં માલદીવ્સની તસવીરો શૅર કરીને કહ્યું હતું, 'વાદળી દરિયો અને પિસીઝ.' પિસીઝ એટલે મીન રાશિ અને આલિયા ભટ્ટની રાશિ પણ મીન છે.

આલિયાએ જે મલ્ટી કલરની બિકીની પહેરી છે તેની કિંમત ૧૭, ૪૯૬ રૂપિયા છે. આલિયાએ પેપર લંડન બ્રાન્ડની બિકીની પહેરી છે.માલદીવ્સ વેકેશનની તસવીરો

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આલિયા ભટ્ટ ડિસેમ્બર, ૨૦૨૦થી સતત કામ કરે છે. ડિસેમ્બરમાં તેણે 'ગંગુબાઈ કાઠિયાવાડી'નું શૂટિંગ કર્યું. ત્યારબાદ હૈદરાબાદમાં 'ઈઈઈ'નું શૂટિંગ કર્યું હતું. બ્રેક દરમિયાન આલિયા ભટ્ટ પરિવાર તથા રણબીર કપૂર સાથે રણથંભોર ગઈ હતી. ત્યાંથી પરત આવ્યા બાદ ફરી પાછું તેણે શૂટિંગ શરૂ કરી દીધું હતું. સતત કામને કારણે આલિયા ભટ્ટમાં એકદમ નબળાઈ આવી ગઈ હતી. ૧૭ જાન્યુઆરી, રવિવારના રોજ આલિયા ભટ્ટને એડમિટ કરવામાં આવી હતી. આલિયાને એચ એન રિલાયન્સ હોસ્પિટલમાં એક દિવસ માટે દાખલ કરવામાં આવી હતી. તેને એ જ દિવસે ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યો હતો. આલિયાએ હોસ્પિટલમાંથી આવીને આરામ કરવાને બદલે બીજા દિવસે એટલે કે ૧૮ જાન્યુઆરીના રોજ શૂટિંગ ચાલુ કરી દીધું હતું.



# કોંગ્રેસ કકડાટ અને ભાજપમાં ભડકા વચ્ચે ચૂંટણી પ્રચારનો પ્રારંભ

## રાજકોટ મહાપાલિકાના વોર્ડ નં.૨ના કોંગ્રેસની પેનલનું મધ્યસ્થ કાર્યાલય આવતીકાલથી ધમધમતું થઈ જશે









ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૯

રાજ્યની ૬ મહાપાલિકાની ચૂંટણી ઉમેદવારીપત્રો પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થવાની સાથે બન્ને પક્ષનાં લડવૈયા ઉમેદવારોએ ચૂંટણી રણનીતિ ઘડવા સાથે પ્રચાર કાર્યનો કોંગ્રેસમાં અસંતોષના કકડાટ અને ભાજપમાં પણ નારાજ થયેલાઓના ભડકા વચ્ચે ચૂંટણી પ્રચાનો મોટાભાગનાં ઉમેદવારોએ પોતાના મતવિસ્તારમાં શરૂ કરેલ છે.

રાજકોટમાં મહાપાલિકામાં વિપક્ષોનો બહોળો અનુભવ ધરાવતા યુવાન અતુલ રાજાણીએ વોર્ડ નં.-૨માં તેમની પેનલની રણનીતિ-પ્રચાર અંગેની કાર્વાહી હાથ ધરેલ છે. વોર્ડ નં.-૨માંથી કોંગ્રેસના ઉમેદવારો અતુલ રાજાણી, યુનુસ જુણેજા (લક્કી), દિવ્યાબા જાડેજા તથા નિમિષા રાવલને પક્ષ દ્વારા પસંદ કરી મેદાનમાં ઉતારવામાં આવેલ છે.

વોર્ડ નં.-૨નાં ચૂંટણી સમ્મીકરણોનો અભ્યાસ કરી પક્ષ દ્વારા પેનલમાં સ્થાનિક રાજકારણનો બહોળો અનુભવ ધરાવતા અતુલ રાજાણી ઉપરાંત યુનુસ જુણેજા સાથે બે મહિલાઓમાં દિવ્યાબા એચ. જાડેજા તથા નિમિષા રાવલ પર પસંદગીનો કળશ ઢોળી અર્ધો જંગ જીતી લીધો છે.

મહાપાલિકાનો વોર્ડ નં.-૨ ગત ચૂંટણીમાં ભાજપનો ગઢ બનેલ તેમાં ગાબડા પાડવા કોંગ્રેસ મોવડીઓએ અતુલ રાજાણી, યુનુસ જુણેજા, દિવ્યાબા અને નિમિષા રાવલના વોર્ડ નં.-૨ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો ટૂંક સમયમાં દબદબાભેર પ્રારંભ કરવામાં આવનાર છે.

# અમદાવાદ સહિત રાજ્યની ચાર મહાપાલિકા કોંગ્રેસના ૭ ફોર્મ રદ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૯

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે રાજકારણ ગરમાયું છે. અમદાવાદ સહિત રાજ્યની ૪ મહાનગર પાલિકામાં કોંગ્રેસના ૭ ફોર્મ રદ થઈ ગયા છે. જેમાં રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧માં કોંગ્રેસ ઉમેદવાર ભરત શિયાળે મેન્ડેટ વિના જ ઉમેદવારી ફોર્મ ભર્યું હોવાથી તે રદ કરવામાં આવ્યું છે. હવે કોંગ્રેસે ડમી ઉમેદવારના આધારે ચૂંટણી લડવી પડશે. આ સિવાય રાજકોટ વોર્ડ નંબર-૪ના ઉમેદવાર નારાયણભાઈ ૩ બાળકોના પિતા હોવાનું સામે આવ્યા બાદ તેમનું ફોર્મ રદ થયું હતું. પાટીદાર સમાજ સાથે વિખવાદના કારણે ઉમેદવારી ફોર્મ ભરવાના આખરી દિવસે કોંગ્રેસે મેન્ડેટ આપેલા ઉમેદવારે ફોર્મ ભરવાનો ઈક્કાર કર્યો હતો.

જેમાંથી ચકાસણી દરમિયાન ચૂંટણી અધિકારીઓ દ્વારા ૧,૧૮૯માંથી ૪૭૨ ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ, વારંવાર રિપીટ થતા ફોર્મને નામંજૂર કરાયા છે.

# કોંગ્રેસમાંથી સોનલ પટેલની હકાલપટ્ટી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૯

કોંગ્રેસમાં એએમસી ચૂંટણીની ટિકિટ મામલે મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ સોનલ પટેલે અમદાવાદના ઈન્ડિયા કોલોનીની આખી પેનલની ૨૦ લાખ રૂપિયામાં સોદાબાજી થઈ હોવાના ગંભીર આરોપ લગાવ્યા બાદ રાજનીતિમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. કોંગ્રેસના ઉપપ્રમુખ સોનલ પટેલે ધારાસભ્યો અને કોંગી મોવડી મંડળ સામે ખુલ્લેઆમ આક્ષેપ કરતા ભારે આક્રોશ, નારાજગી અને અંસતોષ ફેલાયો હતો. હાલ આ મુદ્દે મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓ પર આક્ષેપ કરનાર મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ સોનલબેન પટેલને પક્ષમાંથી છુટ્ટા કરાયા હોવાની માહિતી સામે આવી રહી છે. પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ ઉપપ્રમુખ સોનલ પટેલને છુટ્ટા કરવાની જાહેરાત કરી છે.

પક્ષ વિરોધી પ્રવૃત્તિનો હવાલો આપીને સોનલબેનને હટાવાયા છે. તમને જણાવીએ કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસે ટિકીટ મુદ્દે સોનલબેને ૨૦ લાખ રૂપિયામાં ટિકિટની વેચાઈ હોવાના ગંભીર આરોપ લગાવ્યા હતા. સોનલબેન ગુજરાત મહીલા કોંગ્રેસના ઉપપ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસના સેક્રેટરી હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા અધ્યક્ષ ગાયત્રીબા વાઘેલાનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, સોનલ બેન પટેલને હોદા પરથી દૂર કરવામાં આવ્યા છે, સોનલ બેન પટેલ ખૂબ જ સારા કાર્યકર છે, કર્મનિષ્ઠ કોંગ્રેસના કાર્યકર છે, તેમની કામગીરી જોયા બાદ તેમને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા હતા.

૫૦ ટકા મહિલા અનામત છે ત્યારે બહેન સાથે અન્યાય થયો હોય શકે છે, બે દિવસ પૂર્વે તેમની સાથે મેં વાતચીત કરી હતી.

# ધો. ૧૦ની પ્રાયોગિક પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૯

રાજ્યમાં ધોરણ ૧૦ બોર્ડની મુખ્ય પરીક્ષા પહેલા પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ કરવા બોર્ડ દ્વારા ચૂચના આપવામાં આવી છે. જ્યારે મરજીયાત વિષયની પરીક્ષા શાળા ખાતે લેવાશે. મરજિયાત વિષયની પરીક્ષા ૧૫થી ૧૭ એપ્રિલના રોજ લેવાશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડની વેબસાઈટ પર વિદ્યાર્થીઓની પરીક્ષાના ગુણ મુકવામાં આવશે. નોંધનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર કરી દેવાઈ છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૦ મેથી તારીખ ૨૫ મે દરમ્યાન લેવામાં આવશે. ધોરણ ૧૨ સંસ્કૃત માધ્યમ અને ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૧૭ મેથી શરૂ થશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૦ની પરીક્ષા ૧૦ મેથી શરૂ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# ભાજપ પર માનસિક અત્યાચારનો આરોપ લગાવતું કોંગ્રેસ : કોંગી નેતાઓના ફોન બંધ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૯

રાજકોટ મહાપાલિકાની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે મનપાની ચૂંટણી અંતર્ગત ફોર્મ પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. મહત્વનું છે. રાજકોટમાં કોંગ્રેસને પ્રથમ ઝટકો લાગ્યો છે. વોર્ડ નં.૧૪ના કોંગ્રેસના ઉમેદવાર વિજય જાનીએ ગઈકાલે ફોર્મ પાછું ખેંચ્યું હતું. આ સાથે જ આજે કોંગ્રેસમાંથી વધુ એક ફોર્મ પરત ખેંચાઈ તેવી શક્યતા છે. કોંગ્રેસના ઉમેદવાર વિજય જાનીએ ફોર્મ પરત ખેંચતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તોડજોડની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ પ્રમુખે ભાજપ પર આક્ષેપ કરતાં કહ્યું ભાજપના માનસિક દબાણથી ઉમેદવારોના ફોન બંધ આવી રહ્યાં છે, તો ભાજપ પ્રમુખે કોંગ્રેસ પર આક્ષેપ કરતાં કહ્યું પોતાના ઉમેદવારો પર વિશ્વાસ નથી.

એટલે ફોન સ્વીચ ઓફ કર્યો છે. કોંગ્રેસના ઉમેદવાર વિજય જાનીએ ફોર્મ પરત ખેંચતાં શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરે ભાજપ પર આક્ષેપ કરતાં કહ્યું કે ભાજપના ઈશારે ક્રાઈમ બ્રાંચ કોંગ્રેસના ઉમેદવારોને ધમકાવી રહી છે. વધુમાં જણાવ્યું હતું કે ઉમેદવારોના ફોન એટલે સ્વીચ ઓફ છે કે જે રીતે ભાજપનું દબાણ થઈ રહ્યું છે. ઉમેદવારો યોગ્ય અને સેફ જગ્યા પર છે અને માનસિક દબાણથી દૂર રહેવા ફોન બંધ રાખવામાં આવી રહ્યાં છે પોલીસ ના દબાણ થી ફોર્મ પાછુ ખેંચવામાં આવી રહ્યું છે.

તો ભાજપ શહેર પ્રમુખ કમલેશ મીરાણીએ સમગ્ર મામલે નિવેદન આપતા કહ્યું કે કોંગ્રેસમાં જુથબંધી છે.

# ઉત્તરપ્રદેશના સહારનપુરમાં આજે ખેડૂત મહાપંચાયત



ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૯

દેશમાં નવા લદાયેલા ત્રણ કૃષિ કાયદા સામે દેશભરમાંથી ખેડૂતો દ્વારા છેલ્લા ૭૬ દિવસથી અહિંસક આંદોલન ચાલે છે. ત્રણે કાયદા ખેડૂતો-દેશ હિતમાં પરત ખેંચવાની એક માંગ સાથે ખેડૂતોનાં જુદા જુદા ૪૦ થી વધુ સંગઠનોના સમર્થનથી ચાલતા આંદોલનમાં આવતીકાલે (બુધવારે) ઉત્તરપ્રદેશનાં સહારનુપરમાં ખેડૂત મહાપંચાયત યોજાનાર છે જેમાં ખેડૂત આંદોલનના નેતાઓ ઉપરાંત કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ ઉપસ્થિત રહેનાર છે.

# ચૂંટણીની મતગણતરી સંદર્ભે પંચ દ્વારા માર્ગદર્શિકા જાહેર

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૯

કોરોના મહામારી વચ્ચે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચૂંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ મતગણતરી હોલમાં ૭થી વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં. તમામ સ્ટાફે માસ્ક ફરજીયાત પહેરવું પડશે. સાથે જ હોલને સેનિટાઈઝ કરવો પડશે. થર્મલ ગન રાખવી પડશે. તેમજ યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવાની પણ સૂચના અપાઈ છે. જો મતગણતરી એજન્ટ કોરોના પોઝિટિવ જણાય તો અન્યની નિમણૂંક કરી શકાશે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવું પડશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી માટે ચુંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે. કોરોના સંક્રમણના પગલે માર્ગદર્શિકાનું ફરજિયાતપણે પાલન કરવા જણાવાયું છે. જેમાં મત ગણતરી હોલમા સાત કરતા વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં, જેના કારણે વધારે લોકો ભેગા નહીં થઈ શકે. મતગણતરીમાં રોકાયેલ તમામ સ્ટાફે પોતાના માઢે માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. મતગણતરી પહેલા હોલને સેનેટાઈઝ કરવો પડશે, એટલું જ નહીં, થર્મલ ઘનની વ્યવસ્થા રાખવા પણ સુચના અપાઈ છે. મત ગણતરી એજન્ટ કોરોના પોઝિટીવ જણાય તો અન્ય એજન્ટ નિમી શકવાની ઓથોરિટી આપવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવુ પડશે. મત ગણતરી સ્થળ પર યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવા પણ સુચના અપાઈ છે. કોરોના મહામારીને લઈને ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે અલાયદી ગાઈડલાઈન જાહેર કરી છે અને તેને અનુરૂપ વ્યવસ્થાના આદેશો પણ કરાયા છે.

# રાજકોટ : રાહત દરે લેબોરેટરીની સુવિધા શરૂ કરવામાં આવી

## સામાકાંઠા વિસ્તારમાં દુધરેજીયા ટ્રસ્ટ સંચાલિત લેબમાં તમામ પરિક્ષણો કરાશે



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૯

શહેરનાં સામાકાંઠા વિસ્તારમાં કુવાડવા રોડ (આશ્રમ રોડ) પર, ડી માર્ટની બાજુમાં બોમ્બે સુપર હાઈટ બિલ્ડીંગમાં પ્રથમ માળે સ્વ. નયનાબેન ભરતભાઈ દુધરેજીયા ટ્રસ્ટ સંચાલિત લેબોરેટરીમાં જરૂરતમંદ દર્દીઓને રાહત દરે લોહી, પેશાબ સહિતના જુદા જુદા પરીક્ષણો અત્યંત રાહતદરે સવારના ૮ થી સાંજના ૮ દરમ્યાન કરી આપવામાં આવે છે. જરૂરતમંદ લોકોને આ સુવિધાનો લાભ ઉઠાવવા ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.






# આણંદના મોગર નજીક બે ટેમ્પા વચ્ચે અકસ્માતથી બેના મોત

## ટાયર બદલાવતા ટેમ્પાને પાછળથી બીજા ટેમ્પાએ મારી ટક્કર

(જી.એન.એસ.)આણંદ,તા.૯

આણંદ તાલુકાના મોગર ગામની સીમમાં નેશનલ હાઈવે નં.૪૮ ઉપર ટાયર બદલાવા ઉભેલ આઈશર ટેમ્પાને રોડ ઉપર પુરપાટ ઝડપે આવતા ટેમ્પાએ જોરદાર ટક્કર મારતા ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ અને ક્લીનરનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું જ્યારે પુરપાટ ઝડપે અથડાયેલા ટેમ્પા ચાલકનું પણ સ્થળ ઉપર જ મોત થયું હતું. આ બનાવ અંગે વાસદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માતમાં દિનેશભાઈનેમાથામાં મનહરભાઈને થાપામાં અને પગમાં ઈજાઓ પહોંચી હતી.

જ્યારે ક્લીનર રમણભાઈ ભીખાભાઈ પરમારને આસપાસથી દોડી આવેલા લોકોએ બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતા ૧૦૮ ની એમ્બ્યુલન્સ આવતા ઈજાગ્રસ્ત બંને જણાને ત્વરીત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા વાસદ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને આ બનાવ અંગે અરજીભાઈ મેમાભાઈ રબારીની ફરિયાદના આધારે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે મોતને ભેટનાર બંને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ આજે તેમના પરિવારજનોને સુપ્રત કરાયા હતા.















Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)